श्री

डंकपुर माहात्म्य भाषान्तर.

श्लोकः

नत्वात्रिभिश्चतुर्युक्तं पंचश्रेष्ठंजनार्दनम् ।
श्रीडंकपुरमाहात्म्य भाषान्तरमहंब्रुवे ॥ १ ॥

અધ્યાય ૧ લો.

ડંકેશ્વરનું આખ્યાન.

॥ श्रीगणेशायनमः ॥

वंदेश्रीद्वारकाधीशं भक्तकल्पद्रुमंसदा ।
विहायद्वारकांयोवै राजतेडंकपत्तने ॥ १ ॥

ભક્ત જનોને કલ્પવૃક્ષ જેવા, જે દ્વારકાંને તજીને સદૈવ ડાકોરને વિષે વિરાજમાન છે એવા શ્રી દ્વારકાંધીશને હું વંદન કરૂંછું. નૈમિષારણ્યમાં વસનારા મુનિઓ, કળિકાળના દોષની નિવૃત્તિ કરનારૂં શ્રીકૃષ્ણ ભગવાનનું ચરિત્ર સાંભળીને સૂતપુરાણીને પૂછવા લાગ્યા. ઋષિઓ બોલ્યા—હે સૂત, જે તું સંસાર વડે તાપ પામેલા અમોને શ્રી-

કૃષ્ણ ભગવાનની લીલારૂપ અમૃતનું પાન કરાવેછે, માટે, તને ધન્યછે; તારૂં કલ્યાણ થાઓ. શ્રીકૃષ્ણ ભગવાનનું ઉત્તમ એવું ચરિત્ર સાંભળીને અમો તૃપ્ત થતા નથી, માટે ફરીને પણ કૃપા કરીને ભગવાનની કથાઓનું વર્ણન કર. ભક્તવત્સલ એવા ભગવાને કૃપા કરીને બ્રહ્માદિક દેવો જોતાં છતાં પોતે પૃથ્વીના ભાર નાશ કર્યા; પછી પોતાના ભક્ત જનોના હિતની ઇચ્છાથી ચતુર્ભૂજરૂપે કરીને દ્વારાવતી નગરીને વિષે નિરંતર નિવાસ કરીને રહેવા લાગ્યા. સંભારવામાત્રથી પાપનું હરણ કરનારા ભગવાન, કલિકાળમાં મલિન બુદ્ધિવાળા જીવોને મુક્તિ આપનારૂં બીજું સાધન નથી એમ જાણીને પોતે પૃથ્વીને વિષે રહ્યા. હે સૂત, ત્યાં રહેલા શ્રીકૃષ્ણ પરમાત્માનું કળિકાળના ભયને હરનારૂં ચરિત્ર સાંભળવાને અમે આતુર છીએ માટે તે સમગ્ર અમને કહે. સૂત કહેછે,—હે મહાભાગ મુનિઓ, વ્યાસના શિષ્ય રોમહર્ષણ પાસેથી જેવું મેં સાંભળ્યુંછે, તેવું ભગવાનનું અદ્ભૂત ચરિત્ર હું તમને કહીશ. મારા પિતા રોમહર્ષણે શ્રીકૃષ્ણ પરમાત્માનું ભવિષ્યકાળને વિષે થવાનું એવું એ ચરિત્ર જાણે ભૂતકાળમાં થયું હોય ના! તેમ કહ્યુંછે. દ્વારકાના સ્વામી શ્રીકૃષ્ણનું પૃથ્વીને વિષે કલિયુગનાં પાંચ હજાર વર્ષ પર્યંતનું જે ચરિત્ર, તે મને સંક્ષેપમાં કહ્યુંછે. હે ઉત્તમ મુનિઓ, જેનું શ્રવણ માત્ર કરવાથી શ્રીકૃષ્ણમાં ભક્તિ ઉત્પન્ન થાયછે એવું એ ચરિત્ર હું તમને કહીશ; સાંભળો. ભગવાને દ્વારકામાં રહીને પોતાનું દર્શન કરવામાં તત્પર, તથા સ્મરણ કરનારા

એવા ઘણાક જણને પોતાના પદને પોંચાડી દીધા. ચાર હજાર બસો પચીશ વર્ષ ભગવાન દ્વારકાંમાં રહીને પછી ડંકપુરીમાં ગયા. કંકુના ભાઇ ડંક નામે પ્રસિદ્ધ અને મહા બુદ્ધિમાન ઋષિ હતા; તેમના આશ્રમમાં વિજયસિંહે ભક્તિએ કરી ભગવાનને આણ્યા. ઋષિઓ કહેછે,—ડંકમુનિને ભગવાન પ્રભુ શી રીતે પ્રાપ્ત થયા? તથા જેણે પ્રભુને આણ્યા તે વિજયસિંહ કોણ હતો? સૂત કહેછે,—પૂર્વે રૂડાં આચરણવાળા, જીતીછે ઇંદ્રિયો જેણે એવા, વિવેક તથા વૈરાગ્ય થકી યુક્ત ડંક નામે ઋષિએ તપે કરી શિવનું આરાધન કર્યું. બાર વરસ લગી આળસ તજીને તથા આહાર કર્યા વિના મુનિ ઉભા રહ્યા ત્યારે શ્રી શંકર તેમા ઉપર પ્રસન્ન થયા તથા તેને પ્રત્યક્ષ દર્શન આપ્યું. શિવજી બોલ્યા,—હે મુને, હું તારા ઉપર પ્રસન્ન થયોછું અને તારા મનમાં જે અભિલાષા હોય તે હું તને આપીશ; માટે જેને અર્થે તપે કરી તેં મારૂં આરાધન કર્યુંછે, તે માગ. ડંકઋષિ કહેછે,— હે મહાદેવ, જો તમો પ્રસન્ન થયાછો, તો નિરંતર અહીં રહો; તમારૂં દર્શનકરીને પાપી લોકો નિશ્ચય પાપ થકી મુક્ત થશે. હે શંકર નિત્ય તમારા દર્શન થકી મારા મનમાં આનંદ થશે; ઇંદ્રાદિક ક્ષુદ્ર વૈભવની યાચના હું તમો પાસેથી કરતો નથી. સૂત કહેછે,—એ પ્રમાણે ડંક મુનિએ યાચના કરેલા ભગવાન શંકર 'તથાસ્તુ' એમ વરદાન આપીને લિંગ રૂપે થયા. તે મહાદેવ ડંકેશ્વર એ પ્રકારે પ્રખ્યાત છે. તથા દર્શન કરવાથી દુઃખને હરનારછે. મુનિ શ્રેષ્ઠ એવા ડંકઋષિ પણ પરમ આનંદ પામ્યા.

હવે એક સમયે અભિમન્યુના પુત્રને ઉપવીત આપવાના ઉત્સવને વિષે શ્રીકૃષ્ણ દ્વારકાંથી હસ્તિનાપુર ગયા હતા. ત્યાં એક માસ રહીને અને પાંડવને આનંદ આપીને ભીમસેન સહિત શ્રીકૃષ્ણ દ્વારકાં જતા હતા. માર્ગે જતાં ભીમસેન તરસ્યો થયો અને શ્રીકૃષ્ણ પ્રત્યે બોલ્યો કે મને તૃષા બહુ દુઃખ કરેછે માટે જળ ક્યાં હશે? શ્રીકૃષ્ણ કહેછે,—અહીંથી થોડે દુર ડંક નામે મહા રૂષિનો મોટો આશ્રમ છે, ત્યાં ચાલો; અને જળપાન કરીને મુનિસત્તમનાં દર્શન કરીએ. એમ કૃષ્ણે કહ્યું તે સાંભળીને ભીમ કૃષ્ણ સહિત તે આશ્રમે ગયો, તથા ત્યાં રમણિક સરોવર જોઇને અત્યંત નિર્મળ જળનું પાન કર્યું. પછી પ્રસન્ન થયેલા ભીમે અલ્પ જળવાળું સરોવર જોઇને મુનિનું પ્રિય કરવાની ઇચ્છા વડે પોતાની ગદાથી તેને વિશાળ કર્યું. ગદાનો શબ્દ સાંભળીને આ શું છે! આ શું છે! એમ બોલતા રૂષિ ત્વરાથકી ત્યાં આવ્યા અને શ્રીકૃષ્ણને જોયા. શ્રીકૃષ્ણને જોઇને જેના મનમાં વિસ્મય થયોછે એવા તથા આનંદ પામ્યોછે જેનો આત્મા એવા તે રૂષિએ હાથ જોડીને તત્કાળ જગદીશ્વરને પ્રણામ કર્યો. એટલામાં ભીમે પણ આવીને મુનિને પ્રણામ કર્યો; કૃષ્ણ ભગવાન પણ રૂષિને ભેટીને નમસ્કાર કરી આ પ્રમાણે બોલ્યા. હે મુને, તમારા દર્શન માત્રથીજ હું કૃતાર્થ થયો છું એમાં સંશય નથી. સંસારમાં વ્યગ્ર ચિત્તવાળાઓને તમારૂં દર્શન દુર્લભ છે. ડંકરૂષિ કહેછે,— હે જગતના સ્વામિન, તમે તો સર્વ લોકના એક પાળનારા ઇશ્વર છો; તથાપિ માયા વડે મ-

નુષ્ય ભાવ ધારણ કરીને આખા જગતને મોહ પમાડોછો. હે મહારાજ, કૃપા કરીને એક દિવસ મારા આશ્રમમાં રહો, કે જેણે કરીને હું કૃતાર્થ થાઉં; હે ભક્તવત્સલ, મારૂં રક્ષણ કરો. શ્રીકૃષ્ણ કહેછે,—હે વિપ્ર એક દિવસે કરીને શું અધિક છે? મહા ઘોર કળિયુગમાં આ તમારા શુભ આશ્રમને વિષે આવીને હું ઘણાક કાળ પર્યંત રહીશ. અહીંઆગળ હમણા તો એક નાનું ગામડું થશે, પણ આગળ એક નગર થશે. એમ શ્રીકૃષ્ણ કહેછે એટલામાં શ્રી શંકર ત્યાં આવ્યા. શિવજીને જોઇને યાદવોના પતિ કૃષ્ણ ઉભા થઇને મેટ્યા. શંકરે તેમને પ્રણામ કર્યો તથા પરમ આનંદ થકી નિવૃત્તિ પામીને બોલ્યા. શિવ કહેછે,—હે ભગવાન, હે જગતના આધાર રૂપ, તમે તો સર્વે દેહધારીઓના આત્મા રૂપ છો. તથા નાના પ્રકારના દેહધારણ કરીને લીલાએ કરી અમને આનંદ આપો છો. તમે કળિયુગમાં અહીં આવીને ઘણાક કાળ લગી રહેશો, એમ જાણીને નિત્ય પ્રત્યે તમારાં દર્શન કરવાને ઉત્સુક હું આ સ્થળમાં રહ્યોછું. એટલા*માટે હે કૃપાના નિધાન રૂપ, ડંકરૂષિના આશ્રમમાં તમો રહો; કળિયુગમાં જે ધન્ય પુરૂષો તમારાં દર્શન કરશે, તેમને પુરા પુણ્યશાળી હું જાણુંછું. શ્રીકૃષ્ણ કહેછે,— ગોમતી સહિત હું અહીં થોડાક કાળમાં નિશ્ચય આવીશ અને તમારૂં પ્રિય કરીશ. એ પ્રકારે કહીને ડંક તથા શંકરે પૂજેલા શ્રીકૃષ્ણ ભગવાન તત્કાળ ત્યાંથી ભીમ સહિત દ્વારકા પ્રત્યે ગયા. પછી શ્રીશંકર અને ડંકમુનિ દ્વારકાથી શ્રીકૃષ્ણના આગમનની વાટ જોતા પો-

તાના સ્થાનમાં રહ્યા. હે વિપ્રો, વિજયસિંહનું ચરિત્ર તથા તેણે ભક્તવત્સળ પરમેશ્વરને જે રીતે આણ્યા તે હવે સાંભળો.

॥इतिश्री डंकपुर माहात्म्ये डंकेश्वरोपाख्यानं नाम गुर्जरभाषान्तरे प्रथमोऽध्यायः ॥ १ ॥

અધ્યાય ૨ જો.

વિજયસિંહનું ઉપાખ્યાન.

સૂત કહેછે—પછી કેટલેક કાળે ડંક મહર્ષિના શુભ આશ્રમમાં સર્વને સુખ આપનારૂં "ડાકુર" એ નામે પ્રસિદ્ધિ પામેલું ગામ વસ્યું. તે ગામમાં ક્ષત્રિયની જાતિમાં ઉત્પન્ન થયેલો વિજયસિંહ નામે ભક્ત થયો. તે બોડાણો તથા રામદાસ એવા નામથી પ્રસિદ્ધ થયો હતો. તે બાળપણાથી આરંભીને બુદ્ધિવાળો, રૂડાં આચરણવાળો, જીતેંદ્રિય, સંસારના પદાર્થોમાં વિરક્ત તથા બ્રાહ્મણની સેવા કરનારો હતો. તે ભગવાનના ગુણનું શ્રવણ કરવામાં તથા તેના નામનું કીર્તન કરવામાં પ્રીતિવાળો હતો. તેની સ્ત્રી ગંગા નામે હતી તે રૂડાં આચરણવાળી તથા પતિવ્રતા હતી. ઇશ્વરેચ્છાથી આવી મળેલા વિત્તે કરી તે પોતાનો નિર્વાહ કરતો હતો તથા વિષયી પુરૂષોના સંગ તજીને સાધુ પુરૂષોનો સમાગમ નિરંતર કરતો હતો. એક દિવસે પુરાણને

જાણનારા કોઇ ઉત્તમ બ્રાહ્મણને તે પૂછવા લાગ્યો કે હે બ્રહ્મા, ભગવાન પ્રસન્ન કેમ થાય તથા તેનું દર્શન કેવી રીતે થાય? તે કૃપા કરીને કહો કે જેથી જન્મ સફળ થાય. એવું તેનું વચન સાંભળીને દ્વિજોને વિષે ઉત્તમ તે પુરાણી બોલ્યા. બ્રાહ્મણ કહેછે,—મનુષ્યોની મુક્તિને અર્થે શાક્ષાત શ્રી દ્વારકાના અધિશ પૃથ્વી ઉપર રહેલા છે. તે પ્રત્યક્ષ અને પરમ દૈવત છે. જે ભક્તિએ કરી હરિને ભજેછે, તેના આધીનમાં હરિ થાયછે. ભક્ત રંક હોય તથાપિ તે તેને પ્રિય છે. પણ દંભયુક્ત ધનાઢ્ય તેને પ્રિય નથી. સ્ત્રી, શુદ્ર, ભિલ આદિક હર કોઇએ ભક્તિએ કરી નિવેદન કરેલું પત્ર સરખું પણ ભગવાન પોતે પ્રસન્ન થઇને ગ્રહણ કરેછેજ. સર્વ પ્રકારનાં પત્ર તથા પુષ્પ થકી તુલસી ભગવાનને બહુ પ્રિય છે. તુલસી વડે કરીને ભક્તિથી પૂજેલા ભગવાન કૃષ્ણ વેહેલા પ્રસન્ન થાયછે. સૂત કહેછે,—એ પ્રમાણે બ્રાહ્મણનું કહેલું વચન સાંભળીને વિશેષે કરી જીત્યાંછે ઇંદ્રિય જેણે એવા વિજયસિંહે ભગવાનને પ્રસન્ન કરવાની બુદ્ધિ કરી, એક સમયે યાત્રાળુ લોકોની સાથે દ્વારકા પ્રત્યે ગયો અને ત્યાં શ્રી દ્વારકાધિશનું દર્શન કરીને આનંદ થકી [1]પરિપ્લુત થયો. ભક્તોનો મહા ઉત્સવ તથા ભગવાન ઉપર પ્રેમ જોઇને તેણે મનમાં એમ નિશ્ચય કર્યો કે આ ભગવાન સેવવા જોગ છે. એમ મનમાં કરીને તે ઘેર ગયો. વળી કળિયુગને વિષે મનુષ્યોએ કરવાને કઠિન

---

૧ આનંદમાં ડુબી ગયો.

એવો તેણે એક નિશ્ચય કર્યો કે હાથને વિષે તુલસી રોપીને તેને માંજર થાય તે જોઇને દ્વારકા જવું. અને શ્રી દ્વારકાધિશ ભગવાનને તે નિવેદન કરવી. 'ફરીને પણ એ પ્રમાણે તુલસી રોપવા આદિક હું કરીશ. એ પ્રમાણે જ્યાંસુધી ભગવાન પ્રસન્ન થાય ત્યાં લગી એ વ્રત મારે કરવું.' એમ મનમાં નિશ્ચય કરીને હાથમાં તુલસી રોપીને યાત્રા કરનારા સાધુઓની સાથે ઉતાવળે દ્વારકા ગયો. પછી ત્યાં ગોમતીમાં સ્નાન કરીને અને ભગવાનના મંદિરમાં જઇ નમન કરીને ભગવાનના બન્ને ચરણને વિષે તુલસી સમર્પણ કરી. પછી હાથ જોડીને એકાગ્ર ચિત્તથી ભગવાનની ભાવના કરીને તેને હૃદયમાં ધારણ કરીને ત્યાં તે પાંચ દિવસ રહ્યો. શ્રીકૃષ્ણમય આખું વિશ્વ જોઇને ફરીને પોતાને મંદિરે ઓડાણે આવ્યો. તથા ફરીને હાથમાં તુલસી વાવીને પાછું પૂર્વની પેઠે કર્યું. પ્રત્યેક વર્ષમાં બે વાર તે દ્વારકા જતો હતો; એમ કરતાં તેને સાઠ વર્ષ જેટલો કાળ વિત્યો. તે વિષ્ણુ ભક્તનું વય ખ્યાશી વર્ષનું થયું અને વૃદ્ધાવસ્થાએ કરીને શરીર વ્યાપ્ત થયું તથાપિ તેણે પોતાનો નિયમ મુકયો નહિ. આ તેનો અતિ નિશ્ચય જોઇને સર્વે વૈષ્ણવ લોક તથા દ્વારકામાં વસનારા વિસ્મય પામ્યા. તેની સ્ત્રી કોઇ વખત તેની સાથે હરિ મંદિર પ્રત્યે જતી હતી અને કોઇ વખત નહોતી પણ જતી, પરંતુ તેની ભક્તિમાં ભેદ નહોતો. જ્યારે એંશીમે વર્ષે તે દ્વારકા પ્રત્યે ગયો ત્યારે દેવના દેવ ભગવાન, જનાર્દન પ્રસન્ન થયા. અને પોતાના રૂપે કરીને તેની પાસે આવીને આ પ્રમાણે બોલ્યા કે હે

ભક્તરાજ, તારી ભક્તિએ વશ કરેલો હું તને પ્રસન્ન છું, હું તારા હૃદયના ભાવને જાણુંછું, તારા મનમાં ગ્રામ્ય સુખની ઇચ્છા નથી; કેવળ મારી પ્રીતિને અર્થે આવો શ્રમ તું કરેછે. માટે તને ન આપવા જેવું બ્રહ્માંડમાં કાંઈ છે નહિં; તથાપિ તુચ્છ વસ્તુ હું તને આપનાર નથી; હું તારી પાસે આવીને રહીશ. તું વૃદ્ધાવસ્થાએકરી શરીરે શ્રામ થયોછે, તોપણ પોતાના દેહનું કષ્ટ ન ગણીને અહીં આવેછે, માટે નિશ્ચય હું તારે ગામ આવીશ. તેથી કરીને તું તથા તારી સ્ત્રી બેનેના મનોરથ પૂર્ણ થશે. માટે, ઘેર સત્વર જઇને એક ગાડું આણ. સૂત કહેછે,— એ પ્રમાણે ભગવાનનું વચન સાંભળીને તે ઉત્તમ વૈષ્ણવ વિસ્મય પામ્યો અને સાષ્ટાંગ પ્રણામ કરીને હાથ જોડીને બોલ્યો. વિજયસિંહ કહેછે,—હે શ્રીકૃષ્ણ, હે નારાયણ, હે વાસુદેવ, હે જગતના અધિષ્ઠાનરૂપ દ્વારકાના પતિ, હે ગોવર્ધન પર્વતને ઊંચો કરનાર તથા ચક્ર જેના હાથમાં છે એવા ભગવાન, તમારા ચરણકમળમાં મારો પ્રણામ હજો. હે દેવના અધિ દેવ, હે દેવતાઓના એક સ્વામિ, પોતાના ભક્ત જનને કલ્પવૃક્ષ રૂપ, દીવ્ય છે મૂર્તિ જેની તથા બ્રહ્માદિકે જેનાં ચરણકમળ સેવ્યાંછે એવા હે દ્વારકાંનાથ તમને વારંવાર પ્રણામ છે. સંસારરૂપ સમુદ્રમાં પડેલો કળિકાળનો જીવ હું ક્યાં! અને આ તમારી કૃપા ક્યાં! આ તમારૂં ચરિત્ર વિચિત્ર છે! અમારાં કરેલાં કૃત્યો સામું ન જોઇને, પોતાના કરુણા થકી પરિપૂર્ણ સ્વભાવનુંજ અવલોકન કરીને તમે કૃત્ય કરોછો. હે ભગવાન, તમે મારા મનનો

સંકલ્પ જાણોછોજ; હું મુખ થકી શું કહું? જે રીતે તમારૂં દર્શન મને નિત્યે થાય તેમ કરો. જેથી સાક્ષાત્ પુરૂષોત્તમ ભગવાન મારા ઉપર પ્રસન્ન થયાછે, તેથી મને ધન્ય છે. હું કૃતકૃત્ય થયોછું, અને મારા મનના મનોરથ સંપૂર્ણ થયાછે. હે પ્રભુ, તમારા વાહનને અર્થે શકટ હું લાવીશ; તમારી આજ્ઞા થકી હું ઘેર જાઉંછું અને તમારા સમીપમાં હું વેગે કરીને આવીશ. સૂત કહેછે,—આ પ્રમાણે વિજયસિંહે જેને કહ્યુંછે એવા ભગવાન શ્રીકૃષ્ણ 'તારે શીઘ્ર આવવું" એમ કહીને અંતર્ધ્યાન થયા. પછી તે પણ પરમાનંદ સ્વરૂપ ભગવાનનાં દર્શનથી ઉપજેલા આનંદે કરી નિર્વૃતિ પામીને પોતાને ઘેર જઈને સર્વ વાત સ્ત્રીને કહેવા લાગ્યો. તે પણ સ્વામિનું વાક્ય સાંભળીને અત્યંત પ્રસન્ન થઇ અને સ્વામિને આ પ્રમાણે કહેવા લાગી કે તમને ધન્યછે; તમે પોતાનું કુળ પવિત્ર કર્યુંછે. હે નાથ, હવે મને ભગવાનનાં દર્શન જે પ્રકારે થાય તે પ્રકારે ઉતાવળે કરો; મધુ નામે દૈત્યનો નાશ કરનારા ભગવાનની આજ્ઞા પાળો. તમારા સરખા સાધુ પુરૂષો સદૈવ લોકમાં પરોપકાર કરનારા છે, માટે ભગવાનનું દર્શન વેહેલા કરાવો, મારૂં મન બહુ ઉત્કંઠિત છે. એ પ્રમાણે પ્રિય વચન સાંભળીને વૈષ્ણવને વિષે ઉત્તમ તે, પોતાના ગામમાં ઉત્તમ શકટ શોધવા લાગ્યો.

॥इतिश्री डंकपुर माहात्म्ये विजयसिंहोपाख्यानं नाम गु०.भा० द्वितीयोऽध्यायः ॥ २ ॥

અધ્યાય ૩ જો.

વિજયસિંહનું ઉપાખ્યાન.

સૂત કહેછે,—ગામમાં ગાડું શોધતાં તેને તે કહીં પણ પ્રાપ્ત થયું નહિ; તેથી તે ચિંતાએ કરી વ્યાકુળ થયો અને પાંચ દિવસ વીતી ગયા. સર્વે ખેડુતોને ઘેરેઘેર જઇને હાથ જોડીને તેણે માગ્યું અને કહ્યું કે મારા ઘરમાં જે દ્રવ્યછે, તે હું આપીશ; મને ગાડું આપો. મારાં વસ્ત્ર તથા વાસણ ઇત્યાદિક આપીશ અથવા તે વેચીને જે ધન આવશે તે આપીશ, પણ કૃપા કરીને બળદ સુદ્ધાં ગાડુ મને આપો. હું વૃદ્ધ છું, માટે કોઇ પણ પ્રકારે દ્વારકા જવાને શક્તિમાન નથી; અને તમને પણ યાત્રાનું ફળ મળશે. ખેડુતો કહેછે,—પચાસ યોજન દેશ સુધી જવાને ગાડું કોણ આપે? અમો અહીંઆંજ ગાડાંએ કરીને પુષ્કળ ધન મેળવીએછીએ. સૂત કહેછે,—તેને ગરિબ જાણીને કોઇએ જ્યારે ગાડું આપ્યું નહિ ત્યારે ભગવાને પ્રેરેલો કોઇક ગોપ તેને કહેવા લાગ્યો, મારા ઘરમાં જુનું ગાડું, અને બે બળદ છે તે પણ બહુ દુર્બળ છે, માટે તારે જો યાત્રા કરવી હોય તો હું તને તે આપીશ; તું લેઇ જજે. પૈશાના લોભથી આપતો નથી, પણ બળદની પુષ્ટિને અર્થે આપુંછું; તે દેહે બહુ ક્ષીણ થઇગયેલા છે, માટે તારે ઘાસ, દાણા અને ગોળ ખવરાવીને પુષ્ટ કરવા. એ બન્ને મારે ઘેર ઉત્પન્ન થયેલા છે (ઘરજાયા છે,) અને જન્મથીજ રોગે કરી પીડિત છે;

હમણાં વૃદ્ધાવસ્થાથી આમછે, તથાપિ ગતિ તેમની ઉત્તમ છે. કેટલાક લોક અહીં એમ કહેછે કે તે મરી જશે. માટે જો તેમ થાય તો તારૂ તીર્થ પ્રાપ્તિ થકી એમનું પણ કલ્યાણ થશે. સૂત કહેછે,—ગોપનું વચન સાંભળીને તે કાળે વિજયસિંહ વિચારવા લાગ્યો કે યત્ન તો કર્યો પણ સારૂં ગાડું મળતું નથી. અને દૈવયોગે મળ્યું તે દુર દેશ જવાને યોગ્ય નથી. અથવા મારી ચિંતાથી શું? ભગવાનની ઇચ્છાજ તેવી હશે. દેવનો દેવ તે જાણેછે કે મારે ઘેર ગાડું નથી, તથાપિ ગાડું લાવવાની મને પ્રેરણા કરી. ભક્તોએ ભગવાનની આજ્ઞા પાળવી; સારૂં માઠું તો સહુ તેના સ્વાધીનમાં છે. માટે આ ગોપનું શકટ લેઇને હું દ્વારકાપુરીમાં જઇશ. આખું જગત શ્રીકૃષ્ણ ભગવાનના સ્વાધીનમાં છે એમ નિશ્ચય કરીને તે બોલ્યો. વિજયસિંહ કહેછે,—બન્ને બળદ સહિત તારૂં ગાડું હું લેઇ જઇશ; તારે ચિંતા કરવી નહિ, ભગવાન રૂડું કરશે. સૂત કહેછે,—પછી વિજયસિંહ તે ગાડું લેઇને અને તેને જર્જર થઇ ગયેલા બન્ને બળદ જોડીને દ્વારકાં નગર પ્રત્યે ગયો. બળદનું પોષણ કરવાના હેતુથી ઘરનાં વાસણ આદિક વેચીને જે દ્રવ્ય આણ્યું તેણે કરી માર્ગમાં તેમનું પોષણ કરતો હતો. એ પ્રમાણે પોષણ પામીને ધીમે ધીમે તે બન્ને વૃષભ માર્ગમાં ચાલતા હતા; થાક અધિક લાગ્યો તથાપિ બ્રાહ્મણના શાપથી તે માર્ગમાં મૃત્યુ પામ્યા નહિ. ઋષિઓ બોલ્યા;—એ બન્ને બળદ જન્માંતરને વિષે શાપ શી રીતે પામ્યા, તેમને શાપ કોણે દીધો, તથા તે જાતિ કરીને કોણ હતા

તે સર્વ અમને કહે. સૂત કહેછે,—પૂર્વે જનસ્થાનમાં વેદ વિદ્યામાં કુશળ એવા શ્રીકંઠ અને સોમેશ નામે બે બ્રાહ્મણ થયા હતા. તે વેદ વિદ્યાનો અભ્યાસ કરીને 'ઉત્તમ વૈદિક' એ પ્રમાણે પ્રખ્યાત થયા હતા. ત્યાં ગૌતમી ગંગામાં સવારે સ્નાન કરીને તથા નિત્યકર્મ આચરીને રામચંદ્ર મંદિરમાં સૂર્ય ઉગે ત્યારથી તે મધ્યાન્હ વિતતાં સૂધી વેદનો પાઠ કરતા હતા. તેજ સ્થળમાં નિલકંઠ નામે એક પૌરાણિક બ્રાહ્મણ હતો, તે પણ રામ મંદિરમાં સાયંકાળે પુરાણની કથા કરતો હતો. તેં બે વિપ્રની સાથે દ્વેષના કારણથી તેને કલહ થયો. કથાને વિષે નિલકંઠ એક શ્રુતિ બોલ્યો. ત્યારે તે બે વૈદિક બ્રાહ્મણ બોલ્યા કે તમારા પાઠમાં શ્રુતિ માંહેથી એક પદ (શબ્દ) પડયુંછે. ત્યારે નીલકંઠે કહ્યું કે અર્થને અનુકૂલ એવો શબ્દોનો પાઠ હોયછે, માટે અહીં એવો પાઠ હશે. ત્યારે તે બે બોલ્યાકે શ્રુતિનો પાઠ એકજ છે અને તેમાં ભેદ પડતો નથી. વેદ અલૌકીક છે તથા તેનો અર્થ પણ મહા દુર્ઘટ છે. નીલકંઠ કહેછે,—તમને બેને વેદના અર્થનું જ્ઞાન નથી, માટે પશુની પેઠે ભાર માત્ર વહન કરનારા છો; તમે અજ્ઞાન પંડિત છો અને વેદનું યથાર્થપણું જાણતા નથી. સૂત કહેછે,—પછી તે સ્થળના વિદ્વાનોએ બન્ને વૈદિકોનો પક્ષ પ્રમાણ માન્યો અને સભામાં માનભંગ થવાથી નીલકંઠને બહુ ક્રોધ થયો. નીલકંઠ કહેછે,—તમે બે અર્થને ન જાણીને બળદની પેઠે વારંવાર આરડોછો, એટલા માટે બળદીયા થશો એમાં સંશય નથી. તે બે બોલ્યા,—હે મૂર્ખ તું બ્રાહ્મણ થઇને

વેદની એક શ્રુતિ પણ જાણતો નથી તથા તું કાગડાની પેઠે ચાંદાં શોધનારો પંડિત છે, માટે કાગડો થઇશ. સૂત કહેછે,—પછી ત્યાંથી ઉઠીને શાપે કરી ઉદ્વિગ્ન થયાંછે મન જેમનાં એવા તથા અત્યંત પરિતાપ પામેલા તે ત્યાંથી ઉઠીને ચાલતા થયા તથા સાયંકાળે ગોદાવરીના તીર ઉપર એકઠા મળ્યા. અન્યોન્ય આપેલા શાપનો નિર્હાર કરવાને એક સ્થળમાં ઉભા રહ્યા તથા બ્રાહ્મણોએ શાપનો અવધિ કર્યો. પછી નીલકંઠ તે બ્રાહ્મણને કહ્યું;—તમે વૃષભ થશો તથાપિ તમારી ખાંધ ઉપર તમને કાંઇ દુઃખ ન થાય માટે તમો દુર્બળ થશો. તે બે બોલ્યા,—તું કાગડો થઇશ, પણ ગોમતિના કાંઠા ઉપર ભિલ્લ તને મારશે અને તેથી તું પડીશ. તથા અમારી સાથે શ્રીકૃષ્ણની કૃપાને લીધે તું મુક્તિ પામીશ. સૂત કહેછે,—પછી અન્યોન્યના શાપથી તેઓ વૃષભ તથા વાયસ થયા. તે બે વૃષભને વૈષ્ણવ વિજયસિંહ ભગવાનની નગરી પ્રત્યે લેઇ ગયો. અને કેટલેક દિવસે દ્વારકાનગરીને પામીને તે વૈષ્ણવે પોતાનો નિવાસ બ્રાહ્મણને ઘેર કર્યો. પછી હરિના ધામ પ્રત્યે જઇને પુરૂષોત્તમ ભગવાનનું દર્શન કર્યું, તથા હાથ જોડીને આદ્ય પુરૂષને પ્રણામ કરીને પોતાનું કૃત્ય નિવેદન કર્યું. પછી પોતાના સ્થાનમાં આવીને ભોજન કરી રાત્રે નિદ્રાવશ થયો. હવે તે સ્થળમાં વિષ્ણુભક્ત સેવકો પરસ્પર કહેવા લાગ્યા કે, અહો ! આ વિજયસિંહ હમણા તુલસીવિના તથા ત્વરાથકી આવ્યોછે, વળી શકટ પણ આવ્યુંછે, માટે એનું એ ચરિત્ર વિલક્ષણ દેખાયછે. અને એમાં કાંઇ પણ કારણ

હથી એ નિશ્ચય છે. શ્રી કૃષ્ણને લેઇ જવાનો હોય એવું તેનું ચિન્હ દેખાયછે, માટે હમણાં સર્વે જણાએ સાવધાન થવું જોઇએ. સૂત કહેછે,—એમ વિચાર કરીને તે સર્વે હરિમંદિરનાં બારણાં દૃઢ કમાડોએ કરી અને સાંકળો, ખીલા તથા લોઢાની ભૂંગળોએ કરી બંધ કરીને ચારે પાસે તપાસી જોઇને પોતપોતાને ઘેર ગયા. હવે જેમનો અંતરાત્મા ચિંતાથી વ્યાપ્ત થયોછે એવા સેવકો ગયે છતે તથા નગરના લોકો નિદ્રાયુક્ત થયે છતે ભક્તવત્સલ ભગવાન વિજયસિંહના સ્વપ્નમાં જઇને તેના પ્રતિ આ વાક્ય કહ્યું. હે વિજયસિંહ, તું ઉઠ, કેમ નિદ્રાયુક્ત થયોછે? ગાડે બળદ જોડીને મારી પાસે જલદી આવ, અને મને લેઇને ઘેર જા. એ પ્રમાણે ભગવાનનું વચન સાંભળીને તે તત્કાળ ઉભો થયો તથા બળદ જેને જોડયાછે એવું પોતાનું શકટ ભગવાનના મંદિર પાસે ઉભું રાખીને પોતે તે સ્થળમાં મંદિરનાં બારણાંને અડક્યો. તે વખત તરતજ કમાડ ઉઘડી ગયાં અને કૃષ્ણની પાસે પોતે ઉભો રહ્યો-તેને ભગવાને કહ્યું કે મને લેઇને પોતાના શકટમાં સ્થાપન કર. તે પણ ભગવાનને પોતાની કેડે બેસાડીને મંદિરથી બાહાર નીકળ્યો. આનંદના ભંડાર રૂપ મુકુંદને લેઇને મંદિરના મધ્ય દેશથી બાહાર નીકળેલો તેને જોઇને પુષ્પ વૃષ્ટિ કરતા દેવો બોલ્યા કે અહો આ પુરૂષનું શું ઉત્તમ ભાગ્ય છે!! પછી વિજયસિંહે શકટમાં સ્થાપન કરેલા ભગવાન પ્રભુ બોલ્યા કે રાશ તથા પરોણો મને આપીને તું અહીં સૂઇ જા. એ પ્રમાણે શ્રીકૃષ્ણની આજ્ઞાથી તે પણ રાશ તથા પરોણો

આપીને ગાડામાં નિદ્રાયુક્ત થયો. તે પછી શ્રી ભગવાન બળદને હાંકવા લાગ્યા.

॥इतिश्री डंकपुर माहात्म्ये विजयसिंहोपाख्यानं नाम गु० भा० तृतीयोऽध्यायः ॥ ३ ॥

અધ્યાય ૪ થો.

ભગવાનનું ડાકોરમાં આવવું.

સૂત કહેછે,—હે બ્રાહ્મણને વિષે શ્રેષ્ઠ દ્વિજો, તે સમયે એક આશ્ચર્ય થયું; કૃપાના સમુદ્ર રૂપ દેવના દેવનું તે ચરિત્ર તમે સાંભળો. જે સમયે શ્રીકૃષ્ણભગવાન ગાડા ઉપર ચડ્યા તે સમયે એક ઉત્તમ દેવ તેજોમય દેહ સહિત આવીને ભગવાનને પગે લાગ્યો. ભગવાને તેને કહ્યું કે મારી આજ્ઞાએ કરી દિવ્ય લોક વિષે જા; ત્યારે તે શ્રીકૃષ્ણને પ્રણામ કરીને તેની આજ્ઞાથી દેવલોકમાં ગયો. અકસ્માત આ આશ્ચર્ય થયેલું જોઇને તે વૈષ્ણવ વિજયસિંહે પૂછ્યું;- આ દિવ્યદેહ વાળો કોણ ગયો? ત્યારે એમ સાંભળીને ભગવાન બોલ્યા કે જે વૃક્ષના કાષ્ટથી આ શકટનું નિર્માણ કર્યુંછે, તે બાવળનું વૃક્ષ આ જગોએ શમડી થઇને ઉગ્યું હતું. શકટ રૂપ આ કાષ્ટને મારા ચરણનો સ્પર્શ થયો તેથી તે સ્થાવર પ્રાણીની મુક્તિ થઇ, અને મને પ્રણામ કરીને

દિવ્ય લોકમાં ગયો. એ પ્રમાણે શ્રીભગવાનનું વચન સાંભળીને તેના મનમાં વિસ્મય થયો, અને વિષ્ણુની આજ્ઞાએ કરી સ્વસ્થ રહેતો છતાં પણ વિષ્ણુને વિષે એકાગ્ર ચિત્તવાળો થયો. કુંજ વનમાં વિહાર કરનારા શ્રીકૃષ્ણે હાંકેલા બન્ને બળદ શરદ ઋતુની રાત્રીના ત્રીજા ભાગને વિષે પણ શ્રી હરીની કૃપાથી શ્રમિત થયા વિના વાયુ વેગે કરી રવાલ કાઢી ચાલતા હતા. તે બે બળદ દુર્બળ છતાં પણ શ્રી હરીએ હાંક્યા તે હેતુથી અરૂણના ઉદય થવાની વેળાએ સીમલોજ (સીમળજ) નામે ગામ પહોચ્યા. તેજ સ્થળે ભગવાન લીમડાના વૃક્ષ નીચે ઉભા રહીને નિદ્રાયુક્ત થયેલા ભક્તને જાગ્રત કરી તેને આ પ્રમાણે કહેવા લાગ્યા. અહીંથી તારૂં ગામ કેટલે દૂર છે અને કયી દિશાએ છે? એમ સાંભળીને તે જાગી ઉઠયો અને દિશાઓ જોઈને શ્રી ભગવાન પ્રત્યે બોલ્યો. હે જગત્‌ના સ્વામિન્, આપણે ડંકગ્રામના સમીપમાંજ આવી પહોચ્યા છીએ; તે ગામ અહીંથી ઉત્તર ભાગમાં એક કોસમાત્ર દૂર છે. પછી શ્રી જગદીશ્વરે બળદ હાંક્યા અને પ્રાતઃકાળ થતામાં ઉત્તમ એવા ડંકમુનિના આશ્રમના સ્થાનમાં પહોચ્યા. ગામને પામીને શ્રી ભગવાને રાશ તથા પરોણાનો ત્યાગ કર્યો. પછી વિજયસિંહ તે શકટ પોતાને ઘેર હાંકી ગયો. પછી વેગે કરીને ગાડામાંથી ઉતરીને પોતાની સ્ત્રીએ શુદ્ધ કરેલા ઘરમાં એક પવિત્ર તથા રૂડે પ્રકારે બિછાવેલી વેદી (ઓટલી) ઉપર ભગવાનને લાવીને પધરાવ્યા. શ્રી ભગવાનના આગમનની વાટ જોતી તેની સ્ત્રી ગંગા, અકસ્માત શ્રીભગ-

વાનને પધારેલા જોઇને અત્યંત વિસ્મય પામી, તથા આંખમાં હર્ષ થકી આંસુ લાવીને શ્રી દ્વારકાપતિને પ્રણામ કરી ભગવાનની આરતી કરવા લાગી, અને તે બન્ને જણ ભગવાનને પૂજવા લાગ્યાં. અહો! આપણું ભાગ્ય!! અહો! આપણું ભાગ્ય!! કે જેણે કરીને શ્રીભગવાન પોતે કૃપા વડે આપણા ઉપર પ્રસન્ન થયા! એમ તે સ્ત્રી પુરૂષ પૂજવા લાગ્યાં. પૃથ્વી ઉપર તેમનો સ્નેહ ભગવાનને વિષે અત્યંત વૃદ્ધિ પામ્યો. તેમના પ્રેમ કરી ભગવાન એકાંતમાં તેમની સાથે બોલતા હતા તથા અન્ન આરોગતા હતા. વિક્રમાર્ક રાજાના સંવત્ ૧૨૨૧×ની સાલના કાર્તિક માસમાં પૂર્ણિમા તિથિયે ગુરૂવારે સવારમાં બ્રહ્મ નક્ષત્રમાં ભગવાન શ્રી દ્વારકાપતિ ડંક ગ્રામમાં પધાર્યા અને તે સ્થળને વિષે આવીને 'ત્રણછોડ' એ પ્રમાણે પ્રખ્યાતિ પામ્યા. કરજ ધીરનાર પાસેથી જે વસ્તુ લેવામાં આવે તેને 'ત્રણ' કરીને કહેછે. અને 'છોડ' એ શબ્દનો અર્થ મુક્ત કરવું એવો થાયછે. વિજયસિંહના ભક્તિ રૂપી ત્રણમાંથી મુક્ત થવાને તેને ઘેર આવીને સ્થિતિ કરી, તે કારણથી ત્રણછોડ કહેવાયછે. પછી વિજયસિંહે બળદ સહિત શકટ જેનું આણ્યું હતું તેને પાછું આપ્યું; બળદ પણ બન્ને પૂર્વના જેવાજ હતા. ડંક ગ્રામમાં રહેનારા લોકો શ્રી દ્વારકાના અધીશ્વર પોતે અહીં પધારેલા છે, એમ યથાર્થપણે જાણતા નહોતા.

× છાપેલા સંસ્કૃત ગ્રંથમાં ૧૨૧૨ અંક લખેલા છે, પણ શ્લોક સાથે મેળવતાં તેમાં ભૂલ હોય એમ ભાસવાથી શ્લોકમાં કહેલી સાલ અહીં લખી છે.

કેટલાક કહેવા લાગ્યા કે શ્રીદ્વારકાનાથને અહીં આણવાને કોણ સમર્થ થાય? કેમકે શૂર એવા ક્ષત્રિય યોદ્ધાઓ ત્યાં રક્ષણને અર્થે રહેલા છે. કેટલાક કહેવા લાગ્યા કે એ જીર્ણ થઇ ગયેલા બંબદોએ ફેરી શ્રી દ્વારકેશ્વરને અલ્પ કાળમાં આણ્યા એવું તો કહીં જોયું નથી. કેટલાક કહેવા લાગ્યા કે આ બોડાણે વૈષ્ણવપણાએ કરીને કે ચોરીથી ક્યાંથી પણ દ્વારકાનાથના સરખી મૂર્તિ આણી છે. એ ત્રણ બોલ્યા કે એવો વિચાર કરવાથી આપણને શું પ્રયોજન છે? ગમે તે પણ શ્રી ભગવાનની મૂર્તિ આપણે દર્શન કરવા જોગ છે એમ અમે માનીએ છીએ. સૂત કહેછે,—એ પ્રમાણે પોતાના રૂચિ પ્રમાણે અને મતિ પ્રમાણે લોકો બોલતા હતા, તે સર્વ વિજયસિંહ ભક્ત સાંભળીને અનુમોદન (હાએ હા કરવી) કરતો હતો. દ્વારકા થકી આવીને ભગવાન જ્યાં ક્ષણવાર ઉભા રહ્યા હતા ત્યાં આગળ શ્રીકૃષ્ણ ભગવાનનાં બે પગલાં પડયાં હતાં, તે દર્શન કરવાથી પાપ હરનારાં છે. ત્યાં જે લીમડાના વૃક્ષનો ભગવાને આશ્રય કર્યો હતો તથા તેની જે ડાળ શ્રીકૃષ્ણ ભગવાન ઉપર છત્રની પેઠે આવી રહી હતી, તેજ ડાળ મધુર અને શ્રીકૃષ્ણ ભગવાનની સ્થિતિને સૂચવનારી થઇ. શ્રીકૃષ્ણ ભગવાનનો આવો મહિમા છેકે જે ભગવાનની વૃક્ષોને વિષે પણ કૃપા છે. જેનો ચરણ સ્પર્શ કાષ્ટ ઉપર થવાથી સ્થાવર જીવો પણ મુક્તિ પામેછે, તો પછી ભક્તિએ કરી જે નિત્ય હરિને સેવેછે, તે માનવો મુક્તિ પામે એમાં શું કહેવું? અહો! જૂનું થઇ ગયેલું તે કાષ્ટ ક્યાં! અને બીજો જન્મ જેણે લીધોછે એવો તે જીવ

ક્યાં? ભગવાનની કૃપાજ બળવતી છે કે જે પ્રાણીઓનાં કર્મ જોતી નથી. પોતાના વાક્યને સત્ય કરવાને તથા પોતાના ભક્તને પ્રસિદ્ધ કરવાને શ્રી દ્વારકાધીશ પોતે અહીં આવ્યા છે, એમ જાણીને ડંકમુનિ તથા॰ ડંકેશ્વર મહાદેવ નિત્ય રાત્રે ભગવાનની પાસે આવીને દર્શન કરી, પ્રણામ કરી અને સ્તુતિ કરીને પોતાને આશ્રમે જતા હતા. તે દિવસથી આરંભીને તે ગ્રામ નગર સરખું થયું તથા શ્રી લક્ષ્મીપતિના નિવાસે કરીને દરિદ્ર પુરૂષો ધનવાન થયા. ડાકોર ગામને વિષે શ્રીકૃષ્ણ જ્યારે સ્થિતિ કરવાને પોતે પધાર્યા ત્યારે તેમનો પરિવાર પણ તે સ્થળમાં આવીને રેહેવા લાગ્યો. ડાકોર ગ્રામ રૂપે કરીને દ્વારકા, સરોવર રૂપે કરીને ગોમતી, અને ઉદક (જળ) રૂપે કરીને તીર્થ, ભગવાનનાં ધામમાં આવ્યાં. તેમની નિત્ય સેવા કરવાને લક્ષ્મીજી પોતાને રૂપે કરીને ત્યાં સ્થિત થયાં તથા નારદાદિક મુનિઓ નિત્ય આવવા તથા જવા લાગ્યા. હે મુનિ સત્તમો, એ પ્રમાણે શ્રી દ્વારકાધીશ ડંક ગ્રામમાં વિરાજમાન થયા, ત્યારે દ્વારકામાં જે થયું તે સાંભળો.

॥इतिश्री डंकपुर॰ भगवतो डंकपुरागमन नाम गु॰ भा॰ चतुर्थोऽध्यायः ॥ ४ ॥

અધ્યાય ૫ મો.

વિજયસિંહનું વૈકુંઠ જવું.

સૂત કહેછે,—'ગુંગળી'એ પ્રમાણે પ્રખ્યાત થયેલા સેવકોએ સવારમાં ઉઠીને ઉઘાડાં બારણાંનું અને શ્રીકૃષ્ણ વિનાનું મંદિર જોયું. ત્યારે તે સર્વે વિસ્મય પામ્યા અને ચારે પાસે શોધવા લાગ્યા, પછી દ્વારકાધીશ જડ્યા નહિ ત્યારે ઘણા દુઃખિત થયા. દૈવયોગે કરી આ શ્રીકૃષ્ણનું જતારહેવું કેમ થયું? અને દ્રઢ એવા લોઢાના યંત્રોએ કરી બંધ કરેલું બારણું શી રીતે ઉઘડી ગયું! તે સ્થળમાં એમ બોલતા તેમણે રાજાને સર્વ નિવેદન કર્યું. તે સાંભળીને વિસ્મય પામેલા રાજાએ પણ સર્વત્ર શોધ કરી પણ કૃષ્ણ ભગવાન જડ્યા નહિ. નગરમાં ઘેરેઘેર એવી બુમ ઉઠી કે રાત્રે ચોરીથી કોઇ દ્વારકાધીશને લેઇ ગયું. પછી પ્રથમ દિવસે વિજયસિંહના ઉપર જેમને સંશય પ્રાપ્ત થયો હતો, તેઓ તેના સ્થાનમાં શોધ કરીને નિશ્ચય કરી રાજાને કહેવા લાગ્યા. હે રાજન, હાથમાં તુલસી લેઇને વિજયસિંહ નામે જે આવતો હતો. તે ગયે દિવસે બહુ ઉત્સુક થઇને ગાડું લેઇને અહીં આવ્યો હતો. તે સમયે અમને સંશય થયો કે આ શું ભગવાનને લેઇ જશે? કેમકે એનું એવું ચિન્હ છે. પછી ભુંગળ તથા સાંકળ રૂપ લોહયંત્રોએ કરીને કમાડ દુઃખે કરીને ઉઘડે (ન ઉઘડે) એવી રીતિ અમોએ કરી હતી. તથાપિ રાત્રે તે ભગવાનને લેઇ ગયો એ મોટું અદ્‌ભૂત થયું છે. સૂત કહેછે,—રાજા, સેવકો અને બીજા લોકો પણ

એ અદ્ભૂત વાત સાંભળીને કૃષ્ણને લેઇ જનાર એજ, એમ નિશ્ચય કરીને ક્રોધ પામીને તેને પકડવાને તૈયાર થયા. આપણા નગરના માર્ગમાં એ વૃદ્ધ બળદો કેટલે દૂર જશે એમ બોલતા તેમણે ઝટપટ ઘોડેસ્વારોને આગળ મોકલ્યા. પછી સૈન્ય સહિત રાજા તથા નગરવાસિ મનુષ્યો સહિત સેવકો સર્વે નીકળ્યા તથા તેઓ સત્વર માર્ગમાં ચાલવા લાગ્યા. એ પ્રમાણે રાજાએ પ્રેરણા કરવા વડે નગરના મનુષ્યો અને સેવકો રાત્રિ દિવસ ઉતાવળા ચાલતા હતા, પણ તે બ્રાહ્મણ ચોરનારને ચોરી જનાર ચોર જોવામાં આવ્યો નહિ. ચૌદમે દિવસે સવારના પહોરમાં રાજા આદિક સર્વે, સીમલોજ નામે ગામ જ્યાં આવીને શ્રી ભગવાને સ્થિતિ કરી હતી, ત્યાં આવી પહોચ્યા. એ વાત જાણીને પોતાનું જેને શરણ છે એવા ભક્ત વિજયસિંહને ભગવાને કહ્યું કે દ્વારકાવાસી તને પકડવાને તથા મને લેઇ જવાને એકઠા થઇ આવ્યાછે. નાના પ્રકારનાં શસ્ત્ર બાંધીને વેગે કરી તેઓ આવેછે. તેમની સાથે યુદ્ધ થશે કેમકે તેઓ બળ વડે કરી શોભતા છે. તારે કાંઇ ભય પામવો નહિ. મને ગોમતીમાં સ્થાપન કર; અને પછી ગોરસ લેઇને શીઘ્ર તેમના સામે જા. તે સ્થળમાં તારે અર્થે મારા પાર્ષદોએ રૂડું વિમાન આણેલું છે, તેમાં બેશીને મારી આજ્ઞાએ કરી તું વૈકુંઠમાં જા. તારી સ્ત્રી અહીં રેહેલી છતાં મારી સેવા કરશે. તે આ લોકમાં ત્રણ વર્ષ રહીને પછી વૈકુંઠ પામશે. સૂત કહેછે,—વૈષ્ણવોમાં સત્તમ તે શ્રીકૃષ્ણની આજ્ઞા લેઇને પોતાની સ્ત્રીને કહેછે કે ભગવાનની સેવા તારે પ્રીતિ થકી

કરવી. તારો તથા મારો સ્વામી શ્રી ભગવાન છે, બીજો નથી; માટે સર્વ કાળે તારે તથા મારે તેની આજ્ઞાનું પાલન કરવું. હે પ્રિયે તેની આજ્ઞાને વશ થઇને આજ હું વૈકુંઠ જાઉંછું. અને જ્યાં સુધી શ્રી હરિની આજ્ઞા હોય ત્યાં સુધી તારે અહીં રહેવું. ગંગા કહેછે,— મારી ચિંતા તજો અને જ્યાં તમને ભગવાન પ્રેરણા કરે ત્યાં જાઓ. હુંતો વૈકુંઠમાંજ વસુંછું, કેમકે જે સ્થળમાં શ્રીકૃષ્ણ છે, ત્યાં વૈકુંઠજ છે. જેને જગતના પતિ એવા સ્વામી સમીપમાં છે તે હું તે અધમ દુષ્ટોથી કોઇ પ્રકારે ભય પામતી નથી. સૂત કહેછે,—એ પ્રમાણે પ્રિયાનાં વચન સાંભળીને તે વૈષ્ણવ પ્રસન્ન થયો તથા ભગવાનને લેઇને ગોમતીના જળમાં સંતાડવાને ગયો. ગળા લગી પાણીમાં પેશીને ભગવાનનું સ્થાપન કર્યું, તથા 'જય શ્રી રણછોડ' એ પ્રમાણે બોલીને તથા પ્રણામ કરીને બાહાર નીકળ્યો. 'રણ' યુદ્ધને કહેછે અને 'છોડ' નો અર્થ ત્યાગ થાયછે. રણને તજીને જળમાં ગયા માટે 'રણછોડ' કહેવાયા. પછી દહીંનું ગોરસ લેઇને તે રાજાની સામે ગયો; જેવે ગામમાંથી બાહાર નીકળેછે, તેવે તે પણ આવી પહોચ્યા. તેને જોઇને તે સર્વ અહો! આ ચોર ! આ ચોર!! એમ બોલવા લાગ્યા. તે સ્થળમાં કોઇએ મૂર્ખપણાથી તેના પ્રત્યે ભાલો નાખ્યો. તે ભાલાનો પ્રહાર ભક્તવત્સલ ભગવાને ઝીલી લીધો. તેને (બોડાણાને) માત્ર સ્પર્શનું સુખ થયું અને તેજ સમયે દિવ્ય દેહધારી થયો, તથા વિમાનમાં બેશીને ઉત્તમ એવા વૈકુંઠ લોકમાં ગયો. દયાળુ ભગવાન એ રીતે ભક્તનું રક્ષણ કરેછે. ભાલા થકી વીંધેલો અને પડેલો

ભક્તનો દેહ ભગવાને દેખાડ્યો, તે તેમને નિમિત્ત મૂકવાને અર્થેજ. તે રાજાના સેવકો ભક્તને મૃત્યુ પામેલો અને પોતાનું તે કર્મ જોઇને બહુ પશ્ચાત્તાપ પામીને બોલ્યા કે હા! હા!! અમોએ શું કર્યું!! હવે ગામના લોકોએ જાણ્યું કે વિજયસિંહની ભક્તિએ કરી દ્વારકાના સ્વામી પોતે અહીં આવ્યાછે એમાં સંશય નથી. નિશ્ચય ઇશ્વરની મહા માયાએ આપણને મોહ પમાડ્યા હતા કે જેથી એવા ભક્તના ઉપર આપણો નિશ્ચય થયો નહિ. પછી લોકોએ વિજયસિંહના મરણની વાત સાંભળી, ત્યારે ગંગા સહિત તેની પાસે ગામ થકી બાહાર આવ્યા. તે સ્થળમાં તેના ભાઇના પુત્ર આદિક તથા સ્ત્રીઓ અત્યંત રૂદન કરવા લાગ્યાં, ત્યારે ગંગાએ જ્ઞાતિ જનોને કહ્યું કે આ સ્થળમાં રડવા થકી શું ફળ છે? ભગવાનની એવી ઇચ્છા છે, માટે એને અગ્નિ સંસ્કાર કરો. એ પ્રમાણે તે બોલી ત્યારે તેમણે તેની દાહ આદિક ક્રિયા કરી. પછી પુરૂષો, સ્ત્રીઓ અને ગંગા ગોમતીમાં નહાવાને અર્થે આવ્યાં.પછી શરીરના અલંકાર તજીને ગંગા સ્નાન કરતી હતી તેવે શ્રીકૃષ્ણને અને ભાલા થકી વીંધાયલા તેમના હૃદયના પ્રાંત ભાગમાંથી નીકળેલી રક્તની ધારા તેણે જોઇ આવું ભગવાનનું કષ્ટ જોઇને ધૈર્ય રાખવાને તે સમર્થ થઇ નહિ; અને ભગવાનનું ભક્ત-વાત્સલ્ય જોઇ તે રડવા લાગી તથા આ રીતે બોલી:—હે હરે! હે નાથ! હે દયા સિંધો! અમારે અર્થે તમે બહુ દુઃખિત થયા છો!! તમે બાહાર નીકળો; શી ચિંતા છે, હું તમને વાગેલી જગોએ પાટો બાંધું! તમારા અંગની વેદના જોઇને

મારા મનમાં બહુ ખેદ થાયછે! શ્રીકૃષ્ણ કહેછે,—ચિંતા તજ અને ઘેર જા; નિશ્ચય મને વેદના થતી નથી. મારા ભક્તના સ્મરણ રૂપ અમૃતજ મને સુખ ઉપજાવનારૂં છે. આજ હું બાહાર નીકળીશ નહિ; કેમકે મારૂં સેવન કોણ કરે? શાસ્ત્રની રીતિ પ્રમાણે દશ દિવસ પર્યંત સાધારણ અશૌચ લાગેછે. હે ભદ્રે, બીજું કારણ એવુંછે કે મારા ભક્તનો દ્રોહ કરનારા દ્વારકા વાસીઓ જે અહીં આવ્યા છે તેમને હું દર્શન શી રીતે આપું? જ્યારે પોતાના કર્મનો પશ્ચાત્તાપ કરીને તથા બાર દિવસ પર્યંત ઉપવાસ કરીને મારૂં સ્મરણ કરી તેઓ શુદ્ધ થશે ત્યારે હું તેમને દર્શન આપીશ. સૂત કહેછે,—પુરૂષો અને સ્ત્રીઓ ગોમતીમાં રૂધિર જોઈને અત્યંત વિસ્મય પામ્યાં તથા માંહે જોવાને જ્યારે તત્પર થયાં ત્યારે ગંગાએ તેમને વાર્યાં, અને કહ્યું કે આ સ્થળમાં તેના ભક્તે સ્થાપન કરેલી શ્રી ભગવાનની મૂર્તિ છે; આપણે સૂતકી છીએ માટે કોઈ પ્રકારે તે સ્પર્શ કરવા યોગ્ય નથી. ગોમતીમાં જે રૂધિર દેખાયછે તેતો ભાલાના ક્ષતથી નીકળેલું છે; ભક્તના ઉપર થયેલો પ્રહાર ભગવાન પ્રભુ પોતાના ઉપર ઝીલી લેછે. સૂત કહેછે,—તેનું વચન સાંભળીને તે સર્વે ગામ વાસીઓ ગામના ભાગ્યનું વર્ણન કરતા સ્નાન કરીને પોતપોતાને ઘેર ગયા. ભક્તનું મરણ જોઈને જે ગ્રામવાસીઓને સંશય ઉપજ્યો હતો તે પણ ગોમતીમાં રૂધિર જોવા થકી નિઃસંશય થયા તે રૂધિરની ગોમતીમાં એક શિલા થઇ. પછી ગંગા પોતાને ઘેર રહીને

સદા હરિનું સ્મરણ કરવા લાગી.

॥इतिश्री डंकपुर माहात्म्ये विजयसिंह वैकुठागमनं नाम गु० भा० पंचमोऽध्यायः ॥ ५ ॥

અધ્યાય ૬ ઠો.

શ્રીકૃષ્ણની શોધ.

વિજયસિંહના મૃત્યુ પછી દ્વારકાવાસી મનુષ્યો પોતાના સાહસ કર્મને લીધે અન્યાય તથા અપવાદ પામ્યા. તે દિવસે તે સર્વે ગામ થકી બાહેર રહ્યા અને રાત્રે સર્વને બોલાવીને રાજા આ પ્રમાણે વચન બોલ્યોઃ—અહો, આપણે જેને અર્થે આવ્યા તે પુરૂષ દૈવયોગે અકસ્માત મૃત્યુ પામ્યો, તે કર્મ મહા નિંદિત થયું. આ ગોરસ લેઇને આપણા સામે આવ્યો તે શસ્ત્રરહિત, દુર્બળ તથા વૃદ્ધને પૂછ્યાકર્યા વિના મૃત્યુ પમાડ્યો! દ્વાર શી રીતે ઉઘાડ્યું તથા ત્વરાથી અહીં શી રીતે આવ્યો ઇત્યાદિક જે પૂછવાનું હતું તે સર્વ મનમાંજ રહ્યું. અસ્તુ; જે થવાકાળ તે થયું. હવે પ્રાતઃકાળમાં શ્રી ભગવાનની મૂર્તિ શોધીને દ્વારકા પ્રત્યે જવું. સૂત કહેછે,—રાજાનું વચન સાંભળીને દ્વારકાનગરવાસી લોકો બોલ્યા કે હા એમજ કરશું. એમ કરીને સાવધ એવા તે તેજ સ્થળમાં નિદ્રા પામ્યા. ડાકોર ગામને વિષે પણ તેજ પ્રમાણે રાત્રે ગામવાસી એકઠા મળ્યા તથા

ગોમતીના સમીપમાં સ્થિતિ કરીને અન્યોન્ય વિચાર કરવા લાગ્યા. દ્વારકા નગરથી રાજા તથા બ્રાહ્મણો આવ્યાછે, તેમણે નિમિત્ત વિના ભક્તને હણ્યોછે અને પુનઃ વળી શું કરશે! પોતાના સૈન્ય સહિત રાજા આવીને અહીં રહ્યોછે તે કોપ પામીને ગામને બાળશે અથવા ગામને લુંટી લેશે. કુબુદ્ધિ વાળા એ વિજયસિંહને ચોર જાણેછે, પણ ભગવાનની ઇચ્છા તથા તેની ભક્તવત્સલતાને જાણતા નથી. કદાચિત એ બળ લોક ગામમાં આવીને ગંગાને પણ હણે માટે શસ્ત્ર લેઇને પ્રાતઃકાળમાં આ સ્થળે રહેવું. યદ્યપિ તે મહા શૂર અને ઘણાક એકઠા મળેલા છે, તથાપિ ભક્તનું રક્ષણ કરવા માટે આપણે તેમની સાથે યુદ્ધ કરીશું. ગમે તે ઉપાયથી પણ ભક્તનું રક્ષણ કરવું, તેથી ભગવાન પ્રસન્ન થઇને આપણને નિશ્ચય જય આપશે. સૂત કહેછે- એ પ્રમાણે રાત્રે નિશ્ચય કરીને તે સર્વે પોતપોતાને ઘેર ગયા અને અરૂણોદયનો સમય થયો ત્યારે શસ્ત્ર બાંધીને રૂડે પ્રકારે તે સ્થળમાં આવી ઉભા. હવે સૂર્ય ઉદય થયો ત્યારે રાજાએ મોકલેલા દ્વારકાના લોક ભગવાનની મૂર્તિને પ્રત્યેક ઘરમાં શોધવાને ગામમાં આવ્યા. જેવે વિજયસિંહના ઘરમાં પેસેછે તેવે બાંધ્યાછે શસ્ત્ર જેમણે એવા ગ્રામવાસી લોકોએ ચારે પાસથી તેમને રોક્યા. પ્રથમ તો તેમનો વિવાદ થયો, પછી પરસ્પર હાથ ઝાલી ખેંચવા લાગ્યા, પછી મુષ્ટિ પ્રહાર થવા લાગ્યો અને અંતે શસ્ત્ર હાથમાં લીધાં. ચારેપાસે આકાશ માર્ગમાં બાણો ચાલવા લાગ્યાં તથા સ્ત્રીઓ અને બાળકોનો ગામમાં મોટો કોલાહલ થયો. પ-

શુઓ ભય પામીને બંધનનાં દોરડાં એમને સર્વ દિશાએ દોડવા લાગ્યાં, તે વખતે પેલા એ બંધન વિનાના વૃદ્ધ બળદ પણ ભય થકી વિહવલ થઈને ઘર થકી કાંઈક ઉતાવળે નાઠા અને ગોમતીના તટ ઉપર પડ્યા. તથા એક ક્ષણમાં મૃત્યુ પામીને શાપથી નિર્મુકત થઈ સ્વર્ગમાં ગયા. તેજ સમયે યુદ્ધમાં કોઈક ભિલના આકાશ માર્ગે જતા બાણે વડ ઉપર બેઠેલા પેલા કાગડાને ગોમતીના જળમાં પાડ્યો, અને તેજ સમયે મરણ પામીને શાપ થકી મુક્ત થઈ દેવલોકમાં ગયો. એ પ્રમાણે તે ત્રણે બ્રાહ્મણો અન્યોન્યના શાપ થકી મુક્ત થયા. પછી કોલાહલ સાંભળીને ગંગા ઘરમાંથી બાહાર નીકળી તથા પોતાના લોકોને યુદ્ધમાં તત્પર જોઈને યુદ્ધનું કારણ પૂછવા લાગી. ત્યારે ગામ લોકો બોલ્યા કે તારૂં રક્ષણ કરવાને યુદ્ધ કરીએ છીએ. અમો જીવતા છતાં તેઓ તને હણે ત્યારે અમારા જીવવાથી પણ શું! ગંગા કહેછે,—જેનું રક્ષણ કરનાર શ્રી ભગવાન છે, તેને મારવાને કોણ સમર્થ છે? અને તે દેવ જ્યારે ઉપેક્ષા કરશે ત્યારે રક્ષણ કરવાને કોણ સમર્થ છે? મારૂં રક્ષણ શ્રીકૃષ્ણ કરશે એમાં સંશય નથી, માટે યુદ્ધ તજીને સ્વસ્થ થઈને મારી પાસે ઉભા રહો. સૂત કહેછે,—તેનું વાક્ય સાંભળીને ગામના લોકો યુદ્ધ થકી વિરામ પામ્યા. પછી તે પશ્ચિમ દેશના લોકોને પૂછવા લાગી કે તમો શા માટે યુદ્ધ કરોછો? તે બોલ્યા કે ભગવાનની મૂર્તિ લેવાને અમો આવ્યા છીએ તે તારા સ્વામીએ આણી છે અને તારા ઘરમાં છે. ગંગા કહેછે,—મારા ઘરમાં તે મૂર્તિ છે એમ જો તમો માનેલું

છે તો હું બાહાર ઉભી રહીશું અને તમો ઘરમાં જુઓ. તેણીએ એમ કર્યું તેથી તેમણે તેના ઘરમાં સર્વ કાંઇ તપાસીને જોયું. પણ મૂર્તિ પ્રાપ્ત થઇ નહિ, તેથી તે ગયા અને બીજી જગોએ શોધ કરવા લાગ્યા. કોઇ જગોએ મુર્તિ જડી નહિ અને થાક્યા ત્યારે ફરીફરીને ગ્રામવાસીઓની પ્રાર્થના કરવા લાગ્યા. ત્યારે ગામ લોકોએ વિચાર કર્યો કે ભગવાન પોતાની ઇચ્છાને વશ અને સમર્થ છે. તેને લેઇ જવાને પોતાના સામર્થ્યથી તેઓ શક્તિમાન નથી એ નિશ્ચય છે. એમ વિચારી શ્રી ભગવાનની મૂર્તિ ગોમતીના જળમાં તેમને દેખાડી. ત્યારે ત્યાં રૂધિર જોઇને તેઓ અત્યંત વિસ્મય પામ્યા. પછી જળમાં શોધ કરતા તેઓને ભગવાનના અંગનો સ્પર્શ થયો ત્યારે આ મૂર્તિ મને જડી, મને જડી, એ પ્રકારે તે બોલવા લાગ્યા. પછી ઝટપટ દુતો એ જઇને સર્વ વર્તમાન રાજાની પાસે નિવેદન કર્યું, ત્યારે તે પણ તત્કાળ શ્રી ગોમતીના તટ ઉપર આવીને ઉભો અને સર્વને આજ્ઞા કરી કે મૂર્તિ બાહાર લાવો. પછી તે બળવાન અને શૂરા સેવકો તથા બ્રાહ્મણો તથા સેનામાં જે બળવાન હતા તે તથા બીજા નગરવાસી લોક પોતપોતાના સામર્થ્ય પ્રમાણે ખેંચવા લાગ્યા, પણ શરીરે ખેદ થયો અને થાકી ગયા. તેમના હર્ષનો ભંગ થયો અને જળમાંથી બાહાર ન નીકળ્યા. રાજાનું મુખ પણ કરમાઇ ગયું તથા પોતાના શિબિર (તંબુ) પ્રત્યે પાછો ગયો. સર્વનું માન ભંગ થયું અને છાનામાના બેશી રહ્યા હતા, તે સમયે સર્વ દ્વારકાના લોકોને રાજાએ કહ્યું:—જેટલું આપણે કરવું જોઇએ, તેટલું

આપણે નિશ્ચય કર્યું છે અતઃપર પરરાજ્યમાં આપણે સ્થિતિ કરવી ઠીક નથી, માટે જો સર્વનો અનુમત હોય તો સ્વદેશમાં જવું. રાજાનું તે વચન સાંભળીને બ્રાહ્મણ સેવકો બોલ્યા કે તું તો સમર્થ રાજા છે અમે પર રાજ્યમાં તારે ભય છે, માટે તું દ્વારકાં જા. તારી જરૂર અહીં કોઇને નથી. અમેતો ભિક્ષુક બ્રાહ્મણો છીએ, અમારે કાંઇ રાજા થકી ભય નથી; દ્વારકામાં આવીને હે રાજન અમે શું કરીએ! અમારી જીવન વૃત્તિ ત્યાં કાંઇ જગોએ નથી; કેમકે શ્રીકૃષ્ણના આશ્રય વિના તારૂં ધન પણ અલ્પ છે; અમે ઘેર આવીને વૃદ્ધો, સ્વજન, સ્ત્રીઓ, બાળકો, તથા પોતાનું પોષણ શી રીતે કરીએ! અમે અહીંજ રહીશું અને દેહનો પાત કરીશું; પણ ઘેર નહિજ આવીએ એવો નિશ્ચય કરેલો છે. શ્રીકૃષ્ણના ભક્તને મારવાથી અમોએ અપરાધ કર્યો છે, તેથી રૂષ્ટ થયેલા ભગવાન જળથી નીકળતા નથી. એ પાપની નિવૃત્તિ કરે એવું કાંઇ પ્રાયશ્ચિત્ત પણ વેદાદિકમાં નથી, માટે શ્રીકૃષ્ણના આશ્રય વડે અહીં સ્થિતિ કરવી એજ ઉત્તમમાં ઉત્તમ છે. સંસર્ગથી ઉપજેલું આ પાપ શ્રીકૃષ્ણના સ્મરણથી નાશ પામશે. બીજી જગોએ જવાથી તે દોષનો ક્ષય થવાનો નથી. સૂત કહેછે,—એવું બ્રાહ્મણોનું વચન સાંભળીને દ્રઢ ચિત્ત વાળો રાજા પણ દેવના સ્વામી શ્રીકૃષ્ણ પ્રભુનું સ્મરણ કરતો તેજ સ્થળમાં રહ્યો. એ પ્રમાણે રાજા સહિત દ્વારકાવાસી બ્રાહ્મણો અત્યંત પશ્ચાત્તાપ પામીને તે સ્થળમાં નિશ્ચય કરીને રહ્યા. એમએ ભગવાન

શ્રીકૃષ્ણ પ્રસન્ન થાય એવી ઈચ્છાથી અન્નપાનાદિકનો ત્યાગ કરીને રાત દિવસ તેઓ ત્યાં રહ્યા.

॥इतिश्री डंकपुर माहात्म्ये कृष्णान्वेषणं नाम गु० भा० षष्ठोऽध्यायः ॥ ६ ॥

અધ્યાય ૭ મો.

ગંગા ગોવિંદનો સંવાદ તથા બ્રાહ્મણોની પરીક્ષા.

સૂત કહેછે,—એ પ્રમાણે ડંકમુનિના આશ્રમમાં ઉપવાસ કરતા તથા શ્રી દ્વારકાધીશનું સ્મરણ કરતા બ્રાહ્મણોને દશ દિવસ વીત્યા. તેમના ઉપવાસ જોઇને ગંગાના મનમાં ખેદ થતો હતો, પણ શ્રીકૃષ્ણના વચનને અનુરોધે કરી તેણે દિવસો અતિક્રાંત કર્યા (ગાળ્યા.) અગિયારમે દિવસે તેણે રસોઇ કરી નહિ અને હૃદયમાં અત્યંત દુઃખ પામીને છાનીમાની ઘરમાં બેશી રહી. શ્રીકૃષ્ણ નિત્ય પ્રત્યે રાત્રે તેના મંદિરમાં આવીને તેણે આપેલું કાંઇક ખાઇને પછી ગોમતીમાં જતા હતા. તે દિવસે આવીને ભગવાન ગંગાની પાસે બેઠા, અને ગંગાને છાનીમાના બેશી રહેલી જોઇને પોતે બોલ્યા, હે ભદ્રે, આજ સમીપ આવેલા મારા પ્રત્યે તું કેમ બોલતી નથી? હે ગંગે, ક્ષુધા મને પીડા કરેછે, માટે સત્વર ભોજન લાવ. તારૂં મુખ કેમ કરમાઇ ગયું છે! તને કોઇએ પીડા કરીછે? મેં તારો અપરાધ કર્યો નથી; કર્યો હો-

ય તો મને કહે; તારૂં કરમાઇ ગયેલું મુખ જોઇને મારા ચિત્તમાં બહુ ખેદ ઉપજે છે. માટે હે કરૂણાના સ્થાન રૂપ ગંગા, આંખો ઉઘાડીને તું મારા સામું જો. હમણાં મારા ઉપર તારૂં ચિત્ત આવું નિર્દય કેમ થયુંછે? તારા હૃદયમાં જે હોય તે કહે, હું નિશ્ચય તારા સ્વાધીનમાં છું. સૂત કહેછે,— શ્રીકૃષ્ણનું વાક્ય સાંભળીને ગંગા તત્કાળ ઉભી થઇ અને શ્રીકૃષ્ણ પ્રભુને પગે લાગીને આંસુએ કરી નેત્ર ભરાઇ ગયાંછે જેનાં એવી તે બોલી. ગંગા કહેછે,—હે ભગવાન, હે દ્વારકાનાથ, દ્વારકાનિવાસી લોકો ક્લેશ પામેછે, તેથી મારૂં હૃદય ઉદાસ થયુંછે, અને પાક પણ તેથી મેં કર્યો નથી. બ્રાહ્મણ લાંઘણો કરેછે, ત્યારે મારે ભોજન કરવું ઘટિત નથી, તેમ તમે પણ બ્રાહ્મણ્ય દેવ છો, માટે તમારે પણ કાંઇ પ્રકારે ભોજન કરવું ઉચિત નથી; ઉપવાસ કરવાથી બ્રાહ્મણોના પ્રાણ નિશ્ચય જશે માટે હે દયાના સમુદ્ર, દયા કરો; સર્વે જીવ તમારે આશ્રયે છે, હે નાથ, તમો પ્રાણીનાં કર્મ જોતા નથી અને દયા કરોછો; એ તમારો સ્વાભાવિક ગુણ છે, તે બીજે પ્રકારે કેમ થશે? હે માધવ બ્રાહ્મણોના મનનું અભિષ્ટ જો તમે આજ આપશો, તો હું તમને કાલનો મગદળનો લાડુ છે, તે આપીશ. જો તમને ક્ષુધા પીડા કરતી હોય તો આ મારૂં કહેલું કરો; નહિતો ખાવાનું આપીશ નહિ અને હું પણ અશન વ્રત (ઉપવાસ) કરીશ. સૂત કહેછે,—જેમ બાળક પોતાની માતાને કહે તેમ, શ્રી ગોમતીના જળમાં વિહાર કરનારા તથા તેની પ્રેમ લક્ષણા ભક્તિએ કરી અત્યંત બંધાયેલા પ્રભુ તેનું

આ પ્રમાણે બોલવું સાંભળીને બોલ્યા. શ્રીકૃષ્ણ કહેછે,— તારૂં કહેલું હું કરીશ, અને બ્રાહ્મણોનું વાંછિત હું આપીશ એમાં તારે સંશય રાખવો નહિ. મને મગદળનો લાડુ આપ. ભગવાનનું તે વાક્ય સાંભળીને તે આનંદ પામી અને તેમને અર્થે રાખી મૂકેલો લાડુ ઘરમાંથી આણીને તે કાળે આપ્યો. તે લેઇને તેમાંથી અરધો શ્રી જનાર્દને ગંગાને આપ્યો અને કહ્યું કે તું પેહેલી ખા, પછી હું ખાઇશ; એમ આજ્ઞા પામેલી એ તેણે તે પ્રમાણે કર્યું. ભોજન કરીને પછી હાથ જોડીને ઉભેલી ગંગાને ભગવાન કહેછે કે બ્રાહ્મણોનું જેવું તપ છે, તેવું તેમનું ચિત્ત શુદ્ધ નથી. કેવળ મારી પ્રીતિને અર્થેજ તપનો શ્રમ કરતા નથી, પરંતુ દ્રવ્ય પ્રાપ્તિને અર્થે પણ તપનો શ્રમ કરેછે; એમાં જો તને સંશય હોય તો પરીક્ષા કરી જો. તારે ગામના લોકોના સાથે તેમને કહેવરાવવું કે જળમાંથી ભગવાન નીકળ્યા નહિ અને તમારા પ્રાણ નીકળી જાયછે; માટે પ્રાણ ત્યાગ કરવો એવો શું તમારો નિશ્ચય છે? અથવા બીજા કાંઇ ઉપાયથી પણ ઘેર જવું છે? એમ પૂછવાથી પોતાના હૃદયનો ભાવ તે લોકો કહેશે, તે સર્વ સાંભળીને બીજે દિવસે તું મને કહેજે. સૂત કહેછે,—એ પ્રમાણે કહીને શ્રી ભગવાન ગયા. બીજે દિવસે પ્રાતઃકાળે ગંગાએ શ્રી કૃષ્ણે કહ્યુ હતું તે કહીને ગામના લોકોને બ્રાહ્મણો પ્રત્યે મોકલ્યા. તેઓ ગામથી બાહાર જઇ...તપસ્વીઓને જોવા લાગ્યા, અને તેમને મૃતપ્રાય પડેલા જોઇને તે બ્રાહ્મણો પ્રત્યે તેઓ બોલ્યા;—તમો પવિત્ર બ્રાહ્મણ છો, અને અન્ન તથા જળ તજીને કૃષ્ણને અર્થે

તપ કરોછો, પણ તે દેવ તો દેવને પણ દુર્લભ છે. બહુ આગ્રહથી તપ કરવા વડે દેહનો પાત થશે, જો તેજ કરવું હોય તો ના પણ કોણ કહે? શ્રી ભગવાનને બાહાર આણવાને તમે શ્રમ કર્યો. હવે દેહ પાડવાને અર્થે શું વિચારીને ઉદ્યમ આદર્યોછે? તમારૂં આ દુઃસહ કર્મ જોઇને અમારા મનમાં અત્યંત સંતાપ થાયછે અને ગંગા પણ ઘરમાં ખેદ પામેછે. બ્રાહ્મણો બોલ્યા,—અમે દ્વારકાના રહેનાર શ્રી કૃષ્ણના આશ્રયે કરી જીવીએ છીએ. તેતો અહીં આવીને રહ્યાછે અને જળથી બાહાર પણ નીકળતા નથી. જીવિકા વિના દ્વારકામાં પણ અમારૂં મૃત્યુજ થશે, ત્યારે અહીંજ મરણ શ્રેષ્ઠ છે, પણ પુત્રાદિકની પાસે મરવું શ્રેષ્ઠ નથી. ગામ લોકો બોલ્યા;—જેટલા વડે એક વરસ તમારી જીવિકા ચાલે એટલું દ્રવ્ય અમો ગામના લોકો પણ નિશ્ચય આપીશું. તે લેઇને આજ જવું ઘટેછે પણ દેહ પાડવો ઘટતો નથી. અને વરસ પૂરૂં થશે ત્યારે કોઇ દયાળુ રાજા પાલન કરશે. બ્રાહ્મણો કહેછે,—વર્ષ પૂરૂં થયા પછી પણ અમારૂં મૃત્યુ થાય, ત્યારે તે અહીંજ થાઓ; પણ અલ્પ દ્રવ્ય આપનાર રાજાની પાસે રંકની પેઠે અમે યાચના કરીશું નહિ. તમો ગામમાં જાઓ તથા અમારે અર્થે ખેદ કરશો નહિ; કપાળ રૂપ પટ ઉપર લખેલું જે થવાકાળ હશે તે થશે. અથવા તમારા મનમાં જો એવો કલેશ થતો હોય કે અમારા ગામમાં બ્રાહ્મણો લાંઘણ કરીને મરશે, તો શ્રી કૃષ્ણના પ્રમાણે અમને સુવર્ણ આપો; એટલે અમે આજજ દ્વારકા જઇશું એ સત્ય છે, એમાં સંશય નથી. ગામ લોકો બોલ્યા,—તમોને

સોનું આપવાનું તથા શ્રીકૃષ્ણને જળમાંથી બાહાર કાઢીને ત્રાજવામાં મૂકવાનું અમારૂં સામર્થ્ય નથી. એમ કહીને ગામના સર્વ લોકો ગામમાં આવ્યા તથા ગંગાને સર્વ નિવેદન કરીને પોતપોતાને ઘેર ગયા. ગંગા તેમનું વચન સાંભળીને બ્રાહ્મણોના હૃદયનો ભાવ સમજી તથા ભગવાનનું વચન સંભારીને વિસ્મય પામી હસવા લાગી. રાત્રે શ્રીકૃષ્ણ આવ્યા ત્યારે તેમને ભોજન કરાવીને તેમના પ્રત્યે બોલી કે બ્રાહ્મણોના હૃદયનો ભાવ મેં જાણ્યો; તમે જે પ્રમાણે કહ્યું હતું તેજ પ્રમાણે તે છે. તથાપિ હે ભગવાન, તેમના ઉપર તમારે કૃપા કરવી જોઇએ, તમો સર્વના અંતરાત્મા છો, માટે બ્રાહ્મણોને મિથ્યા પીડા કરશો નહિ. સૂત કહેછે,—ગંગાનું વચન સાંભળીને ભગવાન હર્શીને આ પ્રમાણે બોલ્યા: યુદ્ધમાં ઘણાક દૈત્યોનો વધ કરવાથી મારૂં હૃદય કઠણ થયુંછે. હે ગંગે, ભક્તોનું હૃદય તો માખણની પેઠે કોમળ છે; કલેશ પામતા બ્રાહ્મણોને જોઇને તારા હૃદયમાં દયા ઉત્પન્ન થઇ છે, તો તારૂં ઘર આદિક સર્વ વેચીને દ્રવ્ય લાવીને મને આપ, એટલે તે આપીને આજ હું બ્રાહ્મણોને દ્વારકા ભણી વિદાય કરૂં. મારી પાસે ધન નથી જે હું બ્રાહ્મણોને આપું. હુંતો રાત્રે તારા ઘરમાં કોદરાના રોટલા ખાઉંછું. ગંગા કહેછે,—હે દેવના સ્વામિન, મને મોહ પમાડશો નહિ. હે માધવ, હુંતો તમારી દાસી છું. યુદ્ધ રૂપ લીલા તમો દયાએ કરી દેવોને છોડાવવા સારૂ કરોછો; ગુણના ધામ રૂપ તમારા આલંબનથી ભક્તોના ગુણ પ્રસિદ્ધ થાયછે. નિષ્કિંચન (છેકજ નિર્ધન) તમને પ્રિય છે, માટે કોદરા પણ તમને

ભાવેછે. જે ધન મારા ઘરમાં છે, તેતો તમને અજાણ્યું નથી; વાસણ અને વસ્ત્ર આદિક તો સર્વ તમારા ભક્તે વેચી દીધું છે. અને આ ઘર તો પર્ણશાળા (પાંદડાંથી છાયેલી ઝૂંપડી) છે, તે કયો ધનવાન રાખે? પણ અરધા માસા સોનાની કરાવેલી નાકની વાળી તો છે. શ્રીકૃષ્ણ કહેછે,- એટલાજ સોનાથી હું તેમને સંતોષ પમાડીશ એમાં સંશય નથી. ભક્તોએ ક્ષણમાત્ર પણ પ્રીતિથી મને જે અર્પણ કર્યું હોય તે મારે પર્વત કરતાં પણ અધિક છે. વિત્તની આશાએ કરી એ બ્રાહ્મણોએ પૂર્વે મારી સેવા કરીછે, અને હમણાં પણ તેમજ છે. પણ તારા સરખા ભક્ત બહુ દુર્લભ છે. તોપણ મારી સેવાનું ફળ થાય એ નિશ્ચય છે. ગમે તેવા ભાવથી અગ્નિનો સ્પર્શ કરે તો પણ તે દાહન કરેછે. ગમે તે ભાવે કરીને બ્રાહ્મણોએ મારૂં સેવન કર્યું હોય, તો તેમના મનનું ઇચ્છેલું ફળ હું તેમને આપુંછું, તેમ તારા વચનના ગૌરવથી વિશેષે કરીને આપુંછું. એમના મનની શુદ્ધિ કરીને પછી વાંછિત ફળ આપીશ. એટલા માટે જેમ કહુંછું તેમ તારે કરીને કરવું ઘટેછે. મારા જેટલું સોનું આપવાની પ્રતિજ્ઞા તું કરીને પછી જળમાંથી મને આણીને એક ત્રાજવા ઉપર મૂકજે, અને બીજા ત્રાજવા ઉપર તારા નાકનું આભુષણ મૂકજે. તે સુવર્ણ અરધો માસો છે, તથાપિ મારા અંગથી અધિક ભારે થશે. આવું અદ્ભૂત કર્મ જોઇને તારી પાસેથી વિત્તની આશા તેઓ તજશે અને નિર્મળ અંતઃકરણવાળા થશે. પછી મારૂં સ્મરણ કરશે અને હું પ્રસન્ન થઇને તેમનું અભીષ્ટ આપીશ. સંત કહે-

છે,—એ પ્રમાણે ગંગાને શિક્ષા કરીને ભગવાન ગોમતી-માં ગયા તથા ભગવાન વિના બીજો આશ્રય જેને નથી એવી ગંગાએ પણ તેના કીર્તનાદિકે કરી રાત્રિ નિર્ગમન કરી.

॥इतिश्री डंकपुर माहात्म्ये गंगागोविंद संवादे ब्राह्मण परीक्षणं नाम गु० भा० सप्तमोऽध्यायः॥७॥

અધ્યાય ૮ મો.

ત્રાજવામાં ભગવાનનું સોના સાથે તોળાવું.

પછી પ્રભાત કાળમાં ગામના ડાહ્યા ડાહ્યા પુરૂષોને ગંગા કહેવા લાગી કે બ્રાહ્મણો દેહ દમન કરેછે, તે સાંભળીને મારા મનમાં બહુ કલેશ થાયછે. મને રાત્રે ઊંઘ આવતી નથી ને કૃષ્ણ પરમાત્માનું ધ્યાન પણ થતું નથી, માટે તેમની ઇચ્છા હોય તેવું સમાધાન કરો. જો શ્રીકૃષ્ણના જેટલું સોનુંજ લેવાની તેમની રૂચિ હોય તો તે લઇને આજ સર્વ પ્રકારે દ્વારકા પ્રત્યે તેઓ જાય. એમ જો તેમનો નિશ્ચય હોય તો આજ જઇને તેમને કહો તમને હું સુવર્ણ આપીશ; ગોમતીના તટ ઉપર ત્રાંસ (તોળવાનો યંત્ર) બાંધો. એ પ્રકારે તેમનો નિશ્ચય થાય, તે પછી અહીંઆં આવો; હું સોનું લઇનેજ તે સ્થળમાં આવીશ એમાં સંશય નથી. સૂત કહેછે,—પછી પ્રસન્ન થયું છે મન જેમનું એવા ગામ લોકો તે બ્રાહ્મણોની પાસે ગયા, તથા સર્વે બ્રાહ્મણોને પગે લાગીને આ પ્રમાણે કહેવા લાગ્યા. તમોએ ગઇ કાલે

જે અમારી પાસે માગ્યું તે આપવાને અમે તો સમર્થ નથી, પણ વિજયસિંહની સ્ત્રી તે આપશે એમાં સંશય નથી. પણ તે સંબંધી કરારનું પત્ર લખીને પ્રથમ આપો પછી અહીંઆં તુલા બાંધીએ. એવું ગામ લોકોનું વચન સાંભળીને બ્રાહ્મણો એકાએક ઉભા થયા. અહો! પોતાના ભક્તદ્વારા શ્રી ભગવાન પ્રસન્ન થયા. એમાં સંશય નથી. એમ બોલતા તેમણે પત્ર લખીને તત્કાળ આપ્યું. શ્રીકૃષ્ણના તોલ જેટલું સુવર્ણ લેઇને અમે દ્વારકાં જઈશું; ફરીને બીજું કાંઇ કરીશું નહિ, એ સહી છે. એ વાતમાં સાક્ષાત શ્રી ભગવાન તથા સૂર્યનારાયણ તથા તમે તથા આ રાજા સાક્ષી છે. એ પ્રમાણેનો તે લેખ લેઇને ગામ લોકોએ ગંગાને નિવેદન કર્યો. ગંગા પોતાના નાકની વાળી જે અરધા માસા સોનાની બનાવેલી હતી તે મૂઠીમાં લેઇને તેમના સાથે ગોમતીના કિનારા પર ગઇ. તે સ્થળમાં તે બ્રાહ્મણો, રાજા અને બીજા દ્વારકાવાસી તથા ગામના લોકો, સ્ત્રીઓ અને બાળકો એકઠાં મળી ઉભાં રહ્યાં હતાં, તે સર્વે વિસ્મય પામીને ગંગાનું મુખકમળ જોવા લાગ્યાં. વડને ઝાડે તુલાયંત્ર (ત્રાંસ) બાંધેલો જોઇને તેઓ પરસ્પર કહેવા લાગ્યાં કે અહો! આ સ્ત્રી ક્યાંથી સોનું આણીને આપશે? તથા ગોમતીના જળમાંથી ભગવાનને બાહાર શી રીતે લાવશે! એ આશ્ચર્ય જોવું એમ કહીને સોના વિષે તથા શ્રીકૃષ્ણને બાહાર લાવવા વિષે સંદેહ યુક્ત થયેલા ગામલોક તથા બીજા તે સ્થળમાં ઉભા રહ્યા.. એ રીતે સંદેહ યુક્ત છે ચિત્ત જેમનાં એવા ગામ લોકતથા બીજા પણ ઉભા હતા તે વેળા-

એ હે કૃષ્ણ! હે કૃષ્ણ! એમ બોલતી ગંગા ગોમતીમાં ગઈ. ગોમતી જળમાં પ્રવેશ કરી ભગવાનને પ્રણામ કરીને તુલસી સહિત તેમને પગે અર્પણ કરેલું પોતાના નાકના ભુષણ રૂપ સોનું કેડમાં ખોસ્યું. પછી પોતાના જમણા હાથમાં પોતાના પ્રભુને બેસાડીને ડાબે હાથે કમળના સરખા તેમનો હાથ ઝાલ્યો. એ પ્રમાણે હર્ષ વડે શ્રી મુકુંદ ભગવાનને લેઈને તેને બાહાર નીકળેલી જોઈ પુરૂષો, જેમ ચિત્રપટમાં ચીતર્યા હોય તેમ, નિમેષ તથા ઉન્મેષ રહિત છે નેત્ર જેમનાં એવા ઉભા થઈ રહ્યા. પછી આકાશમાં રહેલા દેવો જોતાં છતાં ગંગાએ ગોમતીના કાંઠા પર આવી તુલાયંત્ર બાંધેલો જોઈને તેના એક પાસામાં શ્રી કૃષ્ણને બેસાડયા. શ્રીકૃષ્ણને તુલામાં મુકયા તે જોઈ બ્રાહ્મણો ગંગાને કહેવા લાગ્યા કે તારૂં સુવર્ણ ક્યાં છે? ત્યારે તે બોલી કે મારા ઘરમાં જેટલું સુવર્ણ છે તે સઘળું અહીં નિશ્ચય આણ્યું છે. તેમને એ પ્રકારે કહીને તુલસીદલ સહિત પોતાના નાકનું આભુષણ (વાળી) લેઈને તુલાના બીજા પાસામાં મૂકી હાથ જોડીને દુર જઈ ઉભી. જે તુલામાં ભગવાન હતા તે તુલા ઉંચી ગઈ અને સોનાવાળી તુલા પૃથ્વી તરફ નમી. તે સમયેજ દેવતાઓએ પુષ્પની વૃષ્ટિ કરી તથા દુંદુભીઓ વગાડ્યાં. પછી દ્વારકા નગરના લોક તથા ડાકોર ગામના લોક તુલાયંત્રની પાસે આવીને ફરીફરીને ઘણી સારી રીતે તપાસ કરી વિસ્મય પામી દુર જઈ ઉભા રહ્યા. રાજા પણ વિસ્મય પામ્યો અને કોઈને કાંઇ કહ્યું નહિ. જ્યારે સર્વે છાનામાના ઉભા રહ્યા ત્યારે ગંગાએ બ્રાહ્મણોને કહ્યું કે તમોએ

જેટલું સુવર્ણ માગ્યું તેટલું મેં તમોને આપ્યું. તેમાં શ્રીકૃષ્ણથી જેટલું અધિક હોય તેટલું તમો બ્રાહ્મણ છો માટે લેઇ જાઓ. એમાં જો કાંઇ અસત્ય હોય, તો તમારે મને કહેવું, આ હું ઉભીછું. સાચું હોય તો હે વિપ્રો! દ્વારકા પ્રત્યે જાઓ. સૂત કહેછે,—ગંગાનું વચન સાંભળીને તેઓ લાજ પામીને આ પ્રમાણે બોલ્યા કે તેં જે કર્યુંછે તેતો પરિપૂર્ણ છે માટે અમે સવારમાં ઘેર જઇશું. શ્રીકૃષ્ણનાં દર્શન કરીનેજ અમો સંતુષ્ટ થયા છીએ અમારે સોનું જોઇતું નથી. એટલું સોનું અમો શ્રીકૃષ્ણનેજ અર્પણ કરીએ છીએ માટે તું લેઇને ઘેર જા. શ્રીકૃષ્ણને દ્વારકા લેઇ જવા અમોથી શક્ય નથી. જેણે જગતને વિસ્મય પમાડ્યો છે, એવી તેની કૃપા તારા ઉપર છે. સૂત કહેછે,—એમ કહીને બ્રાહ્મણો ગયા તથા રાજા પોતાના તંબુ પ્રત્યે ગયો. ગંગા પણ શ્રી કૃષ્ણને તથા સુવર્ણને લેઇને ઘેર ગઇ. તે દિવસથી આરંભીને તેની ભક્તિને દૃઢ જાણવા લાગ્યા તથા શ્રી કૃષ્ણને દ્વારકાધીશ પોતે આવ્યા છે એમ માનવા લાગ્યા. પછી તે સર્વે બ્રાહ્મણો રાજાની પાસે આવીને ઉભા રહ્યા તથા આગળ શું કરવું તેનો મનમાં નિશ્ચય કરીને આ પ્રમાણે બોલ્યા. હે રાજન્,અમારા દૈવની ગતિ હમણા અનુકૂળ નથી. નહિ દ્વારકાધીશ પ્રાપ્ત થયા કે નહિ પુષ્કળ ધન મળ્યું ! આ બધું કર્તવ્ય શ્રી કૃષ્ણનું છે એજ સત્ય છે; એમાં સંશય નથી. ભગવાનનું આવું માહાત્મ્ય અમે પ્રથમથી જાણ્યું નહોતું! અહો! અરધા માસા સોનાની રચેલી નાકની વાળી ક્યાં અને જગત્ના નિવાસરૂપ ભગવાનની એ અ-

લૌકિક મૂર્તિ ક્યાં? તથાપિ ભક્તનું માહાત્મ્ય વધારનારી ભગવાનની લીલા, જેણે અલ્પ સોનાને શ્રી કૃષ્ણથી અધિક કરી બતાવ્યું, તે શું ન કરે!! અસ્તુ; હે ભૂપતે ! હવે પછી અમે જે નિશ્ચય કર્યો છે, તે સાંભળ. ભગવાન્ દ્વારકાનાથ અહીં પ્રત્યક્ષ રહ્યા છે, માટે તે ભગવાનવિના અમે દ્વારકામાં જઇને શું કરીએ? તેના સ્વાધીનમાં આખું વિશ્વ છે, કોઇપણ તેનાથી સ્વતંત્ર નથી. તેની પ્રેરણાવિના કોઈ દ્રવ્યઆદિક આપતું નથી. તથાપિ એક દુરાશાજ મનુષ્યોને મોહ પમાડે છે એ આશ્ચર્ય છે. જેથી ભુક્તિ (ભોગ) અને મુક્તિ શ્રી કૃષ્ણને આધીન છે, તેથી અમે તેનુંજ ચિંતવન કરીને અહીંજ રહીશું એ નિશ્ચય જાણવું. જ્યારે ભગવાન પ્રસન્ન થઇને ઇચ્છેલું ફળ આપશે ત્યારે અમે ઘેર આવીશું એ અમારો નિશ્ચય છે. અહીં રહેલા અમોને જો ગામ લોકો દૂર કાઢી મૂકશે, તથાપિ અમે બોલવાના નથી અને સ્થાવર જેવા થઇને રહીશું. સૂત કહેછે, —એવો તેમનો નિશ્ચય જાણીને તે રાજાએ પણ તે વાતનું અનુમોદન કર્યું. પછી શુદ્ધ થયાં છે ચિત્ત જેમનાં તથા દૃઢ છે નિશ્ચય જેમનો એવા તે વિપ્રો ભગવાનનું ધ્યાન કરીને ત્યાં રહ્યા. ભક્તનું વાત્સલ્ય જોવાથી ભગવાનમાં વિશ્વાસ જેમને ઉપજ્યો છે એવા તે બ્રાહ્મણોની પૂર્વે કરેલા ઉપવાસોથી થયેલી ગ્લાનિ તે ઉત્સાહથી નાશ પામી.

इतिश्री डंकपुर माहात्म्ये तुलायंत्रे हेमहरितोलनं नाम गु० मा० अष्टमोऽध्यायः॥८॥

અધ્યાય ૯ મો.

બ્રાહ્મણાદિકનું દ્વારકામાં જવું.

સૂત કહેછે,—પછી ગંગાએ પોતાના ઘરમાં પ્રથમની પેઠે વેદી ઉપર હરિનું સ્થાપન કરીને પ્રેમથી આરતી કરી. અને ફરીને બ્રાહ્મણોને અર્થે જગતના ઇશ્વરની પ્રાર્થના કરવા માંડી કે હે ભગવત્, ગઈ કાલે કહેલું વચન હવે પાળો. અરધા માસા સોનાથી બ્રાહ્મણોની પરીક્ષા પણ તમે કરી માટે બાર દિવસના ઉપવાસથી કલેશ પામેલા તેમને હે પ્રભો, સંતોષ પમાડો. શ્રીકૃષ્ણ કહેછે,—હવે તેમનું ચિત્ત નિર્મળ થયું છે અને મારે આશ્રયે આવ્યું છે, માટે તેમને પૂર્વની પેઠે મારી સેવાવૃત્તિ હું આપીશ. મારી મૂર્તિ એક દ્વારકામાં છે, તેનું સેવન કરવાથીજ તેમને અભીષ્ટ ભુક્તિ અને મુક્તિ પ્રાપ્ત થશે. જે મનુષ્યો શુદ્ધ ભાવનાથી એક મુહૂર્ત (બે ઘડી) પણ મારૂં સ્મરણ કરેછે, તેમના દોષ હું ગણતો નથી અને અભીષ્ટફળ તેમને હું આપુંછું. હે ગંગે આજ તેમને સંતોષ પમાડીને હું આવુંછું, તું સ્થિર થા. એમ કહીને ભગવાન તે બ્રાહ્મણોની પાસે ગયા. તેઓ અકસ્માત્ ભગવાનને જોઇને વિસ્મયથકી આકુળ થઈ પગે લાગ્યા તથા હાથ જોડીને સર્વે ભગવાનની પ્રાર્થના કરવા લાગ્યા. હે ભગવાન, હે દ્વારકાધીશ, અમે તમારા સેવકો છીએ. હે માધવ, અમો રંક જીવોના ઉપર તમે કેમ રૂષ્ટ થયાછો? હે કેશવ, તમારી માયાવડે મોહિત અમે કાર્ય તથા અકાર્ય સમજતા નથી, માટે અમારો અપરાધ મનમાં ધરશો નહિ.

હે અચ્યુત, તમેજ અમારા દેવ છો અને હે ઇશ્વર, તમેજ અમારૂં જીવન છો. તમે કોપ પામશો ત્યારે બ્રહ્માંડમાં અમારો કોઈ રક્ષણ કરનાર નથી. માટે જેવા તેવાં પણ અમે તમારા, એ પ્રમાણે પ્રસિદ્ધ થયા છીએ. તેથી અમારૂં પાલન કરવું ઘટેછે. હે દયાના ભંડાર, દયા કરો. શ્રી ભગવાન કહેછે,—તમારે કાંઈ ચિંતા કરવી નહિ; તમે મારા સેવક છો. તમે, રાજા, તથા નગરનાં લોક સર્વ દ્વારકા નગરમાં જાઓ. સાવિત્રી વાવમાં મારી પુરાતન મૂર્તિછે, તે કાર્તિકી પૂર્ણિમાને દિવસે મંદિરમાં સ્થાપન કરીને તેનું સેવન કરજો. મારાં સ્વરૂપ અનેક છે, તેમાં ભેદબુદ્ધિ રાખશો નહિ. તમારો સેવા માર્ગ પૂર્વના જેવો થશે એમાં સંશય નથી. એમ કહિને ત્યાંથી ભગવાન અંતર્ધ્યાન થયા, તે ગંગાને ઘેર આવીને પોતે કરેલો બ્રાહ્મણોનો સંતોષ ભગવાને તેને કહ્યો. પછી ભગવાનના દર્શનથી શ્રમ રહિત અને સારી રીતે પ્રસન્ન થયેલા તે બ્રાહ્મણો, રાજા, અને નગરના લોક દ્વારાવતી નગરી પ્રત્યે ગયા. દ્વારકા વાસીઓ સોળ દિવસે કરીને દ્વારકા પહોચ્યા અને ત્રીજેજ દિવસે સાવિત્રી વાવ પ્રત્યે ગયા. જે સાવિત્રી વેદની માતા વાપીરૂપે કરીને રહેલી છે, તેજ ભગવાનને પ્રકાશ (પ્રકટ) કરનારી છે; કેમકે તે પોતે વેદગર્ભા છે. મતલબ કે તેના ગર્ભમાં વેદ રહ્યો છે.* કાર્તિકી પૂર્ણિમા સાડાદસ માસને અંતરે હતી, તથાપિ ઉત્કંઠાના વેગને લીધે તેજ દિવસે મૂર્તિ બાહાર કાઢી. પોતાના વાક્યનું ઉલ્લંઘન કર્યું માટે શ્રીકૃષ્ણે ત્યાં આવેલા સર્વને પોતાની મૂર્તિ જાણે ખડબચડી તથા રૂક્ષ હોય તેવી દેખાડી. તેઓ તે

શ્રી મૂર્તિની સ્થાપના કરીને પૂર્વની પેઠે સેવા કરવા લાગ્યા. રાજા પણ પૂર્વની પેઠે પોતાના અધિકારમાં સ્થિત થયો. એ પ્રમાણે શુદ્ધ છે ચિત્ત જેમનાં એવા ભક્તોને ભગવાને સંતોષ પમાડ્યા; કેમકે ભક્તો વિના ભગવાનને બીજું કાંઇ પ્રિય નથી. સૂત કહેછે,—એ પ્રકારે વિજયસિંહે દ્વારકા થકી સાક્ષાત્ ભગવાનને ડંક ગ્રામમાં જે રીતે આણ્યા તે રીતેજ મેં તમને કહ્યું. સાંભળનારના પાપનું નાશ કરનારૂં આ શ્રી કૃષ્ણનું ચરિત તમારા પ્રશ્નને અનુસારે મેં તમને કાંઇક અંશે કરીને કહ્યું.

॥ इतिश्री डंकपुर मा० ब्राह्मणादिनां द्वारकागमनं नाम गु० भा०नवमोध्यायः ॥९॥

અધ્યાય ૧૦ મો.

વિજયસિંહના પૂર્વ જન્મની કથા.

ૠષિઓ કહેછે,--નિશ્ચય વિજયસિંહને ધન્યછે કે જેને અર્થે ભગવાને પોતે પોતાની દ્વારકા નગરી છોડીને તેના ગામમાં સ્થિતિ કરી. જેનું ચિત્ત બાળપણાથી આરંભીને શ્રીકૃષ્ણના ચરણમાં પ્રીતિવાળું થયું. તે વિજયસિંહે એટલું બધું સુકૃત પૂર્વ જન્મમાં શું કર્યું હતું? કળિયુગમાં ભગવાનની સાક્ષાત પ્રાપ્તિ અત્યંત દુર્લભછે, તે આ પુરૂષને એક જન્મે કરી સુલભ કેમ થઇ? સૂત કહેછે,—હે મુનિઓ તમે પૂછ્યું

તે સત્ય છે એમાં સંશય નથી; ઘણા જન્મે કરી પ્રાપ્ત ક-રેલા પુણ્યે કરી શ્રીકૃષ્ણમાં ભક્તિ ઉત્પન્ન થાયછે. તે સ્ત્રી પુરૂષના પૂર્વ જન્મ સંબંધી કથા તમે સાંભળો; જે સાંભળ-વા માત્રથી ભગવાનમાં ભક્તિ દ્રઢ થાયછે. જે સમયે ભગ-વાન કૃષ્ણ ગોકુળમાં બાળલીલા કરતા હતા તે સમયે જે થયું તે હું તમને કહુંછું. એક સમયે ફાલ્ગુન માસમાં હો-ળિના ઉત્સવ સમયે ગોપનાં બાળકો સહિત ભગવાન યમુ-નાના તીર ઉપર ક્રીડા કરતા હતા. તે સ્થળમાં મસકો આ-ણી હતી તથા નાના પ્રકારના રંગ કર્યા હતા; ગુલાલના પડીઆ લઇને સુંદર સભા કરીને સર્વે સ્થિતિ કરી હતી. તે સ્થળમાં બાળકોનો ખેલ જોવાને ગામના લોક આવ્યા હતા તથા ગાયોના સમૂહને ચારતા વૃદ્ધો પણ આવ્યા હ-તા. ગોકુળમાં નવનંદ હતા તેમાંથી વિજયનંદ નામે સર્વથી વયોવૃદ્ધ તથા બહુ માનવાળો જેને મોટા પણ માન આપતા હતા તે ગોપ પણ શ્રીકૃષ્ણની ઇચ્છાના બળથી ત્યાં આ-વી ચડ્યો. તે આવેલાને સભામાં બેઠેલા કૃષ્ણ આદિક બાળકોએ પ્રણામ કર્યો નહિ. ઉપનંદ આદિક વૃદ્ધોએ તેને જોઇને બેસાડ્યો. પછી વ્રજના બાળકોએ પ્રથમ રંગ-ખેલ આરંભ્યો. રંગ વડે પ્રથમ કયો દેવ પૂજવો તથા આપણામાં મોટો કોણ છે એમ તર્ક કરીને બાળકોએ અત્યંત પ્રિય એવા શ્રીકૃષ્ણનું પૂજન કર્યું. પછી પરસ્પર ગુલાલ અને રંગ ના-ખવા લાગ્યા તથા રંગ છાંટવાના યંત્રો (પિચકારીઓ) એ કરી યથા રુચિ તેઓ રમવા લાગ્યા. તે સમયે ક્રોધ પામેલો વિજયસિંહ પાસે બેઠેલાઓને કહેવા લાગ્યો કે અહો! તમે

વૃદ્ધો અહીં મિથ્યા શું કરવા આવ્યા છો? બાળકોને વિવેક હોય નહિ, માટે પાસે બેઠેલા વૃદ્ધોએ તેમને હિતાહિત કહેવું જોઇએ. પણ અહીંઆં તો કોઇ કાંઇ પણ બોલતા નથી. બાળકો ઉદ્ધત થઇ ગયા છે, તેમને શીખામણ દેનાર કોઇ નથી: અહીં બેઠેલા વૃદ્ધોને ધિક્ છે. કેમકે જેમને બાળકો પણ છેતરેછે. રંગે કરી પ્રથમ પૂજા ભગવાનની કરવી, પછી વૃદ્ધોની, પછી તરૂણની અને પછી બાળકોની, એ માર્ગનો નાશ કર્યોછે. અમો વૃદ્ધો જોતાં છતાં બાળક કૃષ્ણ પૂજા કરવા જોગ કયે પ્રકારે છે? તેમાં પણ જો લક્ષણ યુક્ત બાળકનું પૂજન છોકરા કરતા હોય તો ઠીક છે. એતો આ ગોકુલમાં જે દિવસથી પ્રકટ થયોછે, તે દિવસથી આરંભીને લોકનો નાશ કરનારા મોટા ઉત્પાત થાયછે. એનું ચૌર્યકર્મ નિર્લજ્જપણું અને મર્યાદા રહિત ભાષણ ગામમાં સર્વને વિદિત છે. કયા ગુણે કરી એ પૂજ્ય છે? સૂત કહેછે,— એ પ્રમાણે વિજયનંદનું વાકય સાંભળીને સર્વ કરતાં વિશેષ બુદ્ધિવાળો ગોપ ઉપનંદ નામે હતો તે વચન બોલ્યો. તેં સત્ય કહ્યું; વૃદ્ધોએ પોતાના બાળકોને શિક્ષા આપવી ઘટેછે તેમજ ગુરૂઓએ શિષ્યોને અને સ્વામીઓએ સ્ત્રીઓને શિક્ષા આપવી ઘટેછે. એવી રીતિ જેના ઘરમાં હોય તેણે સભામાં પણ બોલવું; પણ જેના ઘરમાં એથી અન્ય પ્રકાર હોય તેણે તો મૌન્ય રહેવું જોઇએ. તેં વૃદ્ધપણાને વિવશ થઇને પોતાનું ઘર જોયા વિના કહ્યુંછે, માટે જા; નહિતો બાળકો તારી હાંસી કરશે. વિજયનંદ કહેછે,—તેં મારા ઘરમાં શું છિદ્ર જોયું તે મને ઝટપટ કહે; જે હું બોલુંછું તે

સત્ય છે. મને પણ કોણ શીખામણ દેનારો છે! ઉપનંદ કહેછે,—ઘરનું છિદ્ર જો સાંભળવાની તારી ઇચ્છા છે, ત્યારે હું તને કહુંછું. તારી સુધા નામે સ્ત્રી શ્રીકૃષ્ણને દાસીની પેઠે યત્નને સેવેછે. શ્રીકૃષ્ણનું દર્શન કરીનેજ જમવું એવું તેનું મોટું વ્રત છે. તે સર્વે ગામમાં વસનારા જાણેછે અને તું ઘરમાં વસનારો જાણતો નથી શું? વસંતના ઉત્સવ સમયે પણ પ્રથમ કૃષ્ણની પૂજા કરી હતી અને પછી તેમાંથી બાંકી રહેલો રંગ તેણે તારા ઉપર નાખ્યો હતો. આ સમયે પણ તેણે કૃષ્ણને અર્થેજ રંગ કર્યો છે. હોળી પૂજવાને સમયે તે કૃષ્ણનું પૂજન કરશે. આ બાળકો તો અજ્ઞાન છે, પણ તારા ઘરમાં તેતો ઘણી સમજણ વાળી છે; ત્યારે તારા સરખા અતિ વૃદ્ધની મર્યાદા કેમ રાખતી નથી? સૂત કહેછે,—ઉપનંદનું વચન સાંભળીને તેનું મુખ મ્લાન થયું અને બહુ ક્રોધે કરી આકુલ થઇને ઓડ કરડતો છાનોમાનો ઘેર ગયો, અને સ્ત્રીને કહ્યું કે હે રંડા ક્યાં છે? રંગ કર્યા? વ્રતાદિક તું શું કરેછે! મને પૂછ્યા વિના તારી ઇચ્છામાં આવે તેમ તું પ્રવૃત્ત થઇ છે! પછી ક્રોધે કરી તેને મારવાને હાથમાં લાકડી લેઇને, કૃષ્ણમાંજ એક ચિત્ત છે જેનું એવી સુધાને કેશ પાશમાંથી ઝાલી. ભક્તનુંજ એક રક્ષણ કરનાર શ્રીકૃષ્ણે તેનું અંગ માયાએ કરી ઢાંકી દીધું તેથી વિજયનંદે ફેંકેલી લાકડી ભાગીને કકડા થઇ ગઇ. પુનઃ બીજી લાકડીએ કરી તેને મારી, ત્યારે તેની પણ પૂર્વના જેવી ગતિ થઇ. એમ ઘરમાં જેજે કાંઇ પ્રહાર કરવાનું હતું તેતે તેવી દશાને પામ્યું. જેનો રક્ષણ કરનાર શ્રીકૃષ્ણ છે, તેને

તાડન કરવાને કોણ સમર્થ છે? પછી એમ કરી શિથળ થઇને પૃથ્વી ઉપર પડ્યો. અને બોલ્યો કે આ રંડાનું શરીર તે શું વજ્રનું ઘડેલું છે? એમ બોલતો લાકડી લેઇને બારણે બેઠો. જો કૃષ્ણ પૂજાને અર્થે મારે ઘેર આવે અથવા આ સ્ત્રી જો તેને પૂજવાને જાય, તો તે બન્નેનો હું વધ કરીશ. એમ બોલીને શ્રીકૃષ્ણ આવવાની શંકાને લીધે ચારે પાસે જોતો તે બારણામાં બેઠો અને સર્વ પ્રાણીઓમાં કૃષ્ણની શંકા આણવા લાગ્યો. નટની પેઠે નાના પ્રકારના વેષને ધારણ કરતો કૃષ્ણ વૃદ્ધોને ઠગનારો છે; આ કૃષ્ણ આવ્યો, આ કૃષ્ણ આવ્યો, એમ કૃષ્ણમય તે થઇ ગયો. કૃષ્ણ ઉપરના પ્રેમને લીધે શ્રીકૃષ્ણનાં ચેષ્ટિતનું ગાન કરતી સુધા પોતાના સ્વામીનો કોપ તથા તેણે કરેલા તાડનનો વિચાર હૃદયમાં કરતી નહોતી. સાયંકાળે હોલિકાનું પૂજન કરવાને સર્વે વ્રજવાસી ગયા, પણ ત્યાં તે એકલો ગયો નહિ. પોતાની ભક્ત સુધાનું પ્રતિબંધન જાણીને તેનું પૂજન ગ્રહણ કરવાને ભગવાન પોતે તેને ઘેર ગયા. ગોકુળમાં સનંદ નામે વિજયનંદનો મિત્ર હતો, તેનો વિશ્વાસ વિજયનંદને હોવાથી તેવો વેષ ભગવાને ધારણ કર્યો. તેણે પણ મિત્રને જોઇને પૂર્વની પેઠે કૃષ્ણની શંકા કરી નહિ. ભગવાન તેની પાસે ઉભા રહીને મિત્રને ઘટે તેવું બોલવા લાગ્યા. હે મિત્ર, આજ હોળીના ઉત્સવને દિવસે કલહ કેમ કરેછે? મેં સાંભળ્યું કે તારા ઘરમાં તેં સ્ત્રીને અત્યંત તાડન કર્યુંછે. આજ કલહ કરવો ઘટતો નથી કેમકે આતો મહોત્સવનો દિવસ છે. ઉત્સવને (પર્વને) દિવસે જે ક્રોધમાં રહેછે, તે આખું વર્ષ

દુઃખી જાણવા. તું હોલિકા પૂજન કરવાને જા, કેમકે લોકો જાયછે; તારો એવો શો અપરાધ કર્યો કે જેથી તેં તાડન કર્યું! વિજયનંદ કહેછે,—મને ન જોઇનેજ એ કૃત્યો કરેછે એમ આજ મેં સાંભળ્યું છે; મેં આજ દિવસ સુધી મારી દ્રષ્ટિએ એનો અપરાધ જોયો નથી. પ્રથમ એ કૃષ્ણને પૂજેછે એ પ્રકારે વૃદ્ધો મને કહેછે; ફરીને એ પ્રમાણે કરે નહિ માટે મેં એને તાડન કર્યુંછે. ખોટાં નિમિત્તના ભયને લીધે સ્ત્રીઓને પુરૂષોએ શિક્ષા આપવી ઘટેછે; નહિતો તેઓ પુરૂષની અવગણના કરેછે અને વૃદ્ધાવસ્થામાં વિશેષે કરીને તેમ કરેછે. હું સર્વે લોકોને કરવા યોગ્ય ન કરવા યોગ્યનો વિવેક શીખવુંછું, તે મને પણ જો કોઇ કાંઇ કહે તો પછી ધિઃકાર છે. કૃષ્ણ બાળક પણ ધુર્ત છે; એ સ્ત્રીને મોહ પમાડે છે એમાં આશ્ચર્ય નથી, કેમકે તેને જોઇને પુરૂષ પણ મોહ પામેછે. જો કૃષ્ણ વેષ બદલીને મારે ઘેર આવે તો તેને કોણ નિવારણ કરે? કે જેથી હું હોલિકાનું પૂજન કરવાને જાઉં? ઘરનું રક્ષણ કરવામાં તારા વિના બીજા કોઇનો મને વિશ્વાસ નથી કેમકે વૃદ્ધ પુરૂષની તરૂણ સ્ત્રીને *વિટ લોકો છળ કરેછે. જો તું લાકડી લેઇને અહીં બેશી મારા ઘરનું રક્ષણ કરે તો વાર્ષિક એવી હોલિકાનું પૂજન હું કરી આવું. સનંદ કહેછે,—કલહ કરવામાં કાંઇ હેતુ નથી; તેં ભાર્યાને વૃથા તાડન કર્યું છે. જેની જે સ્થળમાં ભક્તિ હોય તેને તેજ પૂજવા યોગ્ય છે. કેટલાકની ભક્તિ સ્થાવર પદા-

---

* વ્યભિચારી સ્ત્રી પુરૂષના દૂત.

થામાં હોયછે તથા કેટલાકના જંગમને વિષે હોયછે. પૂજાનાં સ્થાન અનેક છે, પણ તેનો ફળદાતા તો ભાવ છે. તારી સ્ત્રી કૃષ્ણને વિષ્ણુ કલ્પીને ભાવે કરી પૂજેછે; જેવી તારી શિલામાં ભક્તિ છે, તેવી તેની ભક્તિ કૃષ્ણમાં છે. હે વૃદ્ધ એમાં તારૂં શું ગયું તે કહે, કે જેથી તું કોપ પામેછે. કૃષ્ણ-ના બાળભાવને લીધે લોકીકની પણ શંકા નથી. તથાપિ તને જો શંકા આવતી હોય તો સર્વ પ્રકારે રક્ષણ કર; કેમકે સ્ત્રીઓનાં ચરિત્ર પંડિતોને પણ દુર્જ્ઞેય કહેવાયછે. પ્રતિવર્ષ કરવાની હોલિકાની પૂજા મેં પણ કરી નથી, તથાપિ હે મિત્ર, તારે અર્થે અહીં હું બેશીશ. જા સત્વર જઇ આવ. સૂત કહેછે,—એમ બોલ્યા પછી તે તેને બેસાડીને હોલિકા પૂજન કરવા ગયો. કૃષ્ણે પણ પોતાના રૂપે કરીને સુધાનું પૂ-જન ગ્રહણ કર્યું. પતિ તરફથી તું ભય રાખીશ નહિ, એ રીતે ભગવાન સુધાનું આશ્વાસન કરીને સાનંદનું રૂપ ધારણ કરીને પુત્રની પેઠે બારણામાં બેઠા.

॥इतिश्रीडंकपुर मा० सूतशौनकसंवादे वि-जयसिंह पूर्व जन्मकथनं नाम गुर्जर भाषान्तरे द-शमोऽध्यायः॥१०॥

અધ્યાય ૧૧ મો.

વિજયનંદના ઉપર ભગવાનનો અનુગ્રહ.

સૂત કહેછે,—જેના મુખમાં સરસ્વતી, વૃક્ષઃસ્થળ ઉપર

લક્ષ્મી અને હૃદયમાં જ્ઞાન સત્તા છે તે નૃસિંહને હું ભજું-છું. સૂત કહેછે,—પછી વિજયનંદ પણ ત્વરાથી હોલિકાનું પૂજન કરીને, ત્યાં કૃષ્ણને ન જોઇને તત્કાળ પોતાને ઘેર આવ્યો. ભગવાને પણ પોતાની ભક્તને દુઃખ દેનાર એવો તેને જોઇને ઘરમાંથી સત્વર ઉઠીને 'તું કોણ છે?' એમ કહીને પગ વડે પ્રહાર કર્યો. વિજયનંદ કહેછે,—હું વિજયનંદ છું; હે મિત્ર, મને મારીશ નહિ. હું હોલિકા પૂજન કરીને આવ્યોછું અને તું કેમ ભ્રાંતી પામેછે? સનંદ કહેછે,—તું વેષ બદલીને આવેલો કૃષ્ણ છે, પણ મારો મિત્ર નથી; તે હમણાંજ પૂજન કરવા ગયોછે, વેહેલો શી રીતે આવે? સૂત કહેછે,—એમ કહીને ભગવાન કૃષ્ણે તેને ફરી પ્રહાર કર્યો, તથા પોતાની ભક્તને તાડન કરેલું સંભારી લાકડી હાથમાં લીધી, અને પીઠ ઉપર પ્રહાર કરવા માંડ્યો. પછી વિજય-નંદ પૃથ્વી ઉપર પડ્યો, ત્યારે તેને પાછો બેઠો કરીને ઘુંટણ તથા મુષ્ટિના પ્રહારે કરી બહુ માર્યો. તેને મૃત્યુ તુલ્ય કરીને શ્રીકૃષ્ણ બોલ્યા કે હવે સાચું કહે; તું વિજયનંદ છે કે કૃષ્ણ છે? તે બોલ્યો કે હું તમારો મિત્ર છું. સનંદ કહેછે,—મેં તને કૃષ્ણના ભ્રાંતીથી તાડન કર્યુંછે તે ક્ષમા કરીને ઘરમાં જા; હું હોલિકા પૂજવા જાઉંછું, એમ કહીને ભગવાન ગયા. ભગ-વાનના મુષ્ટિ પ્રહારે કરી તેના દોષ નાશ પામ્યા; પછી ધીમે ધીમે ઉઠીને સૂતા જતો તે વિચારવા લાગ્યો કે કૃષ્ણને અર્થે મારાં ગાત્ર ભાગ્યાં એ નિશ્ચય છે, માટે પ્રાતઃકાળે બાળકો-એ સહવર્તમાન હું કૃષ્ણને તાડન કરીશ. એમ વિતર્ક કરતા અને દુઃખે કરી ગુડાયલા તેણે રાત્રિ ગાળી. પોતાના પ-

તિએ અનાદર કરેલી સુધા ઘરમાં બોલ્યા ચાલ્યા વિના રહી હતી. પ્રાતઃકાળમાં ગોવાળ તથા બાળકો યમુનાના તટ ઉપર ધૂળ વડે કરી ખેલવાને ગયા હતા ત્યાં તે પણ ધીમે ધીમે ગયો. પછી વિજયનંદનો મનોરથ પૂર્ણ કરવાને અને આગળ મહા સુખ આપવાને ગોવાળોને ભગવાન કહેવા લાગ્યા. બે ટોળાં વિના ધૂળનો ખેલ રૂડે પ્રકારે કેમ થાય? માટે બાળક તથા વૃદ્ધ એમના બે પક્ષ કરવા જોઇએ. શ્રીકૃષ્ણનું વચન સાંભળીને તેમણે બે પક્ષ કર્યા. તેમાં કેટલાક વિજયનંદના પક્ષમાં થયા તથા કેટલાક કૃષ્ણના પક્ષમાં થયા. પછી જૂદા પડીને ધૂળ ફેંકવા વડે, કાદવ ચોપડવા વડે લાકડાની તરવારો વડે તથા ગધેડા ઉપર બેસાડવા વડે ક્રીડા કરવા લાગ્યા. એમ ક્રીડા કરતાં કૃષ્ણના પક્ષમાં પરાજય પામેલા બાળકો નાસવા લાગ્યા તથા ભગવાન પણ નાઠા. તે સમયે વિજયનંદે પોતાના પક્ષ વાળાઓ પાસે શ્રીકૃષ્ણને પકડાવીને તાડન કરીને તેમને યમુનાના જળમાં નાખી દીધા તે વિસ્મય પમાડનારૂં થયું. એક મુહુર્ત તેઓ તે સ્થળમાં ઉભા રહ્યા, પણ જ્યારે કૃષ્ણ નીકળ્યા નહિ, ત્યારે વિજયનંદના પક્ષ વાળા ભયથી નાશી ગયા. એ એકલોજ રહ્યો તે પણ નંદના શાશનથી ભય પામ્યો. અને નીરમાં જોતાં ધીમે ધીમે તેમાં અપૂર્વ અને અદ્ભુત જોયું. શ્રીકૃષ્ણ દિવ્ય સિંહાસનમાં બેઠેલા છે, તેમને ચાર હાથ છે, તથા વરૂણ આદિક મોટા ઉપચારથી તેમનું પૂજન કરેછે. એ પ્રમાણે જેવે તે જુએછે તેવે શ્રીકૃષ્ણ બાહાર નીકળ્યા અને પોતાના સમીપમાં તેમને જોઇને અતિશય વિસ્મીત

થયો. આ કૃષ્ણ સાક્ષાત ભગવાન તથા ઇશ્વર છે, પણ ગોપનો બાળક નથી. એમ હૃદયમાં નિશ્ચય કરીને તેમને સાષ્ટાંગ નમસ્કાર કર્યો. વિજયનંદ કહેછે,—હે ભગવાન તમે ઇશ્વર છો, નંદના બાળક નથી. હું મહા અપરાધી છું; હે કરૂણા નિધે, મારૂં રક્ષણ કરો. તમારી માયા થકી મોહ પામેલે મેં અવિનય કર્યોછે. હે ભગવન્, તે સર્વ ક્ષમા કરો. તમો તો બ્રહ્માદિકે પૂજવા યોગ્ય છો. હે પ્રભો, જળ મધ્યે જેવું તમારૂં ચતુર્ભુજ રૂપ જોયું તેવું તમારી કૃપાએ કરીને નિત્ય જોવા ઇચ્છુંછું. જે પ્રકારે તમારા ચરણમાં મારી દૃઢ ભક્તિ થાય તેમ કરો અને હે દયાનિધે, સંસાર રૂપિ સમુદ્રના પૂરમાં પડેલાનો મારો ઉદ્ધાર કરો. સૂત કહેછે,— એ પ્રકારે તેનું વાક્ય સાંભળીને ભગવાને તેને આ પ્રમાણે કહ્યું.-તારે ખેદ કરવો નહિ. મારી ઇચ્છા થકી સર્વ બન્યું છે. બીજા જન્મમાં તારી મારે વિષે દૃઢ ભક્તિ થશે અને વિજયસિંહ એ પ્રકારે ખ્યાતિ પામેલો તું પરમ પદને પામીશ. તારી સ્ત્રી ભક્તિ વાળી અને ગંગા નામથી પ્રસિદ્ધ થશે. તમે બન્ને સ્ત્રી પુરૂષ થઇને પૂર્ણકામ થશો. એ પ્રમાણે વરદાન આપીને શ્રીકૃષ્ણ બાળકોની સાથે ક્રીડા કરવાને ગયા. અને મોટું છે મન જેનું એવો વિજયનંદ પણ પોતાને ઘેર ગયો. પ્રસન્ન થયેલાં દંપતી નિત્ય કૃષ્ણના પૂજા કરતાં હતાં અને કાળે કરીને મૃત્યુ પામેલાં તે ડાકોર ગામમાં જન્મ્યાં. એ પ્રકારે વિજયસિંહના પૂર્વ જન્મનું વૃત્તાંત મેં તમને કહ્યું. શ્રીકૃષ્ણના કૃપા થકી તે બેની ભગવાન વિષે દૃઢ ભક્તિ થઇ હતી. જે મનુષ્ય આ કલ્યાણ ગુણયુક્ત આખ્યાન

સાંભળે અથવા તેનું કીર્તન કરે તેને શ્રીકૃષ્ણને વિષે ભક્તિ ઉત્પન્ન થાય તથા તેનાં પાતકનો નાશ થાય.

॥इतिश्री डंकपुर माहात्म्ये विजयनंदानुग्रहोनाम गु० भा० एकादशोऽध्यायः॥११॥

અધ્યાય ૧૨ મો.

લક્ષ્મી અને નારાયણનો સંવાદ.

ઋષિઓ કહે છે,—વિજયસિંહના પૂર્વ જન્મનું વૃત્તાંત સાંભળીને અમારૂં ચિત્ત પ્રસન્ન થયું છે તથા સંશય નાશ પામ્યો છે. દ્વારકાવાસી ગયા પછી ગંગાએ પૂજેલા હરિ તેનાજ ઘરમાં રહ્યા કે કોઈ બીજે સ્થાને પધાર્યા ? વળી કળિયુગમાં તે ભગવાનને પ્રસન્ન કરવાના ઉપાય તથા પંચતીર્થીઓ અમને કહે. હે સૂત, વ્યાસ મહામુનિની કૃપાએ કરી સર્વ તું યથાર્થ જાણે છે. સૂત કહે છે,—ઘરને વિષે રહેલા ભગવાનને ગંગા પરમ આદર થકી પૂજતી હતી, ત્યાં દેશાંતરના લોક અનેક આવવા લાગ્યા. ત્રણછોડ, રણછોડ, ડાકોર નાથ, ડંકપુરેશ્વર, દ્વારકાનાથ, એ પ્રકારનાં નામે કરી લોકો તેનું ગાન કરવા લાગ્યા. અતિ આશ્ચર્ય કરી લોકોનો ભાવ વૃદ્ધિ પામ્યો અને શ્રીકૃષ્ણે પણ ઘણા લોકોને ચમત્કાર દેખાડ્યા. ત્રણે વર્ષ પૂરાં થયા પછી શ્રીકૃષ્ણની આજ્ઞાથી ગંગા પોતે દિવ્ય રૂપ થઈને વિમાનમાં બેશીને ઉત્તમ એવા વૈકુંઠમાં ગઈ. પછી તેનો ગુરૂ (ગોર) બ્રાહ્મણ

શ્રીકૃષ્ણનું સેવન કરવા લાગ્યો, અને કાળે કરીને દ્વારકાની પેઠે અહીં પણ સેવકો થયા. પૂર્વ જન્મના પાર્ષદ એવા તપોધમ (તપોધન) અર્ધ ભાગમાં તથા શ્રીગોડ અને ખેડાવાળ અર્ધ ભાગમાં, એમ ત્રણ મળીને ભગવાનને સેવવા લાગ્યા. ડંક ગ્રામમાં યાત્રા કરનારના સંઘમાં અન્યોન્યનું મર્દન થવા લાગ્યું, તથા વૃદ્ધ અને દુર્બળને શ્રીકૃષ્ણનું દર્શન પણ થતું નહોતું.ગોવિંદને વિષે દૃઢ ભાવ હોવાથી યાદવો મુક્તિ પામ્યા. પાપીઓનાં ચિત્તમાં પણ શ્રીકૃષ્ણને વિષે ભક્તિ ઉત્પન્ન થઇ. પછી દુર્બળના ક્ષયનો હેતુ એવો મનુષ્યોનો સંમર્દ જોઇને પોતાના માહાત્મ્યનું આકર્ષણ કરીને દ્વારકાનાથ તે સ્થળમાં રહ્યા. ત્યારે મનુષ્યોનો ભાવ પણ દિન પ્રતીદિન ક્ષિણ થયો અને સાધારણ મૂર્તિની પેઠે બ્રાહ્મણો તેના પૂજન કરવા લાગ્યા. ચારસો વર્ષ સુધી શ્રીકૃષ્ણ સામાન્ય મૂર્તિની પેઠે રહ્યા, તેટલા કાળમાં કળિ અને અધર્મ લોકોને પીડા કરવા લાગ્યા. એક સમયે ભગવાનની સેવા કરતાં લક્ષ્મીજી શ્રી પ્રભુને કહેવા લાગ્યાં કે કળિયુગમાં પાપી જીવોનો ઉદ્ધાર કરવાને તમો આ સ્થળમાં રહ્યા છો. હે ભગવાન, દયાળુ એવા તમોએ તેમના ઉપેક્ષા કરવી ઘટિત નથી. તમારી ભક્તિ રહિત આ લોકો યમપુરીમાં જાયછે. શ્રી ભગવાન્ કહેછે,—યાત્રા કરનારના સંઘમાં દુર્બળ મનુષ્યોનું પીડન જોઇને મેં ઉપેક્ષા કરીછે, પણ તે મને અભીષ્ટ નથી. આજ તારા વચન પ્રમાણે હું કરીશ. સૂત કહેછે,—તેને એમ કહીને તે સમયે યવન*રાજ્ય છતાં પણ કૃપાસિંધુ ભગવાને ધીમે ધીમે થોડું થોડું પોતાનું માહાત્મ્ય બતાવવા

માંડયું. જેણે જેણે ચમત્કાર જોયો તે તે ભક્તિએ કરી પૂજવા લાગ્યો. દેશાંતરના લોકો પણ કોઈક કોઈક આવવા લાગ્યા; અને લોકમાં ભક્તિ માર્ગનો પ્રચારનો પસાર થયો. ફરીને પણ એક સમયે લક્ષ્મીજીએ શ્રી ભગવાનને વિજ્ઞાપના કરી. લક્ષ્મીજી કહેછે,—હે સ્વામિન, તમારા ભક્તે નિર્માણ કરેલી ઝૂંપડી જીર્ણ થઇ ગઇ છે. અને તપસ્વીની પેઠે વાયુ, વર્ષા અને ટાઢ આદિક તમો સહોછો. જો તમારી આજ્ઞા હોય તો હું નવું મંદિર કરાવું; તે સ્થળમાં રહીને પોતાના ભક્તોનો ઉદ્ધાર કરતા તમોને જોવાને હું ઉત્સુક છું. શ્રી ભગવાન કહેછે,—હે પ્રિયે, ભક્તોનાં જીર્ણ થઇ ગયેલાં ઘર મને અત્યંત પ્રિય છે; જેવું મને તે સુખ આપનારૂં છે, તેવાં ભક્તિહિન ધનવાનનાં ઘર મને સુખ આપનારાં નથી. અને કળિયુગમાં તો ધનવાનનું દ્રવ્ય અન્યાયે કરી ઉપાર્જન કરેલું હોય, તે મારા મંદિરમાં યોગ્ય નથી કે તે પૂણ્ય કર્મમાં પણ યોગ્ય નથી. જન્માંતરના પુણ્યે કરી જે ધન ન્યાયે કરી પ્રાપ્ત કર્યુંછે, તેજ ભક્તિએ કરી જો અર્પણ કર્યું હોય તો હું અંગીકાર કરૂંછું, બીજાું નહિ. મંદિરને અર્થે તે જે દ્રવ્ય હૃદયમાં ધાર્યુંછે, તે જો મારા યોગ્ય હોય તો જેમ તારી ઇચ્છા છે તેમ કર. લક્ષ્મી કહેછે,—સ્તંભ તીર્થ (ખંભાત) માં નન્દન નામે વૈશ્ય જાતિનો પુરૂષ છે, તે ધનાઢ્ય અને પુણ્યશાળી છે, તેનું દ્રવ્ય તમારા યોગ્ય છે. પૂર્વ જન્મે તે દારિદ્ર થકી પીડાયલો વૈશ્ય હતો અને ધન પ્રાપ્ત કરવાને અત્યંત યત્ન કર્યા છતાં પણ તેને ધન પ્રાપ્ત થયું નથી. ત્યારે તે અતિ નિર્વેદ પામેલો તથા

વૃદ્ધાવસ્થાથી વ્યાપ્ત થયેલો ઘર તજીને વનમાં ગયો અને અન્ન જળ તજીને તપ વડે મારૂં આરાધન કર્યું. ત્યારે પ્રસન્ન થયેલીએ મેં પ્રત્યક્ષ થઇને તેને કહ્યું કે આ દેહનું તારૂં પ્રારબ્ધ સંપૂર્ણ થયુંછે, માટે બીજા જન્મમાં તું અત્યંત દ્રવ્ય પામશે. તે સમયે તેણે કહ્યું કે મારૂં દ્રવ્ય અસત માર્ગે જાય નહિ. હે ભગવન, 'તેમ થશે' એ પ્રમાણે મેં તેને વરદાન આપેલું છે. તે નંદન નામે ધનવાન અને પુણ્ય કરનારો થયોછે. હે નાથ, તે દ્રવ્ય તમારે યોગ્ય છે કેમકે ન્યાયે કરી ઉપાર્જન કરેલું છે. તેને હું પ્રેરણા કરૂંછું અને આ સ્થળમાં મંદિર કરીશ. શ્રીકૃષ્ણ કહેછે,—નંદન તારો ભક્ત છે, અને તેને તેં ધન આપ્યુંછે, એટલા માટે હે શુભાનને! મંદિર કરવાને તેને તું પ્રેરણા કર. હે માનિનિ, જે પ્રકારે તારા ભક્તને તેં વરદાન આપેલુંછે, તેજ પ્રકારે મારા ભક્ત 'શિવ' નામના બ્રાહ્મણને મેં પણ આપેલું છે. દ્રાવિડદેશમાં સરસ નામે ગામમાં 'શિવ' નામે જિતેંદ્રિય, રૂડાં આચરણવાળો, અને વેદ શાસ્ત્રમાં કુશળ બ્રાહ્મણ હતો. તે દ્વિજોત્તમ એક સમયે વ્યંકટેશનાં દર્શન કરવાને ગયો, ત્યાં ધનવાન પુરૂષોને ભારે પુણ્ય કરતાં જોયા. પછી મને પ્રણામ કરીને તે બ્રાહ્મણ એકાંતમાં જઇને વિચાર કરવા લાગ્યો કે ધનવાન લોકોને ધન્ય છે કે જે રૂડાં કૃત્ય કરી શકેછે. અહો, શ્રી વ્યંકટ નાથનું મંદિર જેણે કરાવ્યુંછે, તેના ભાગ્યનું શું વર્ણન કરવું? કે જે મંદિરમાં શ્રી હરિ સ્થિતિ કરી રહ્યા છે. પુણ્યનાં ફળને જાણતો પણ દરિદ્ર હું શું કરૂં! એક ટકો આપવાને પણ મારૂં સામર્થ્ય નથી. લક્ષ્મીના સ્વામી આ

શ્રીકૃષ્ણ મારા ઉપર કૃપા કરશે એમ નિશ્ચય કરીને ત્યાં વીશ દિવસ રહ્યો. ત્યારે વ્યંકટેશ સ્વરૂપે કરીને મેં તેને વરદાન આપ્યું કે તું પુષ્કળ દ્રવ્ય પામીશ અને પુણ્ય પણ કરીશ. તારી ઇચ્છા જો મંદિર કરાવવાની હોય તો તે પણ જન્માંતરે પૂર્ણ થશે અને પછી પરમપદ પામીશ. એ પ્રકારે વરદાન આપેલો બ્રાહ્મણ યથેષ્ટ દ્રવ્ય પામીને બહુ બહુ પુણ્ય કરીને હમણા સ્વર્ગ લોકમાં રહ્યોછે. તે બ્રાહ્મણ દક્ષિણ દેશમાં તામ્ર ગ્રામમાં ઉત્પન્ન થશે અને મારૂં મંદિર કરાવશે. ત્યાં હું ઘણા કાળ પર્યંત રહીશ કેમકે તે મને પ્રિય કરનારૂં છે. ત્યાં તારી સાથે રહીને રાજલીલા કરીશ. લક્ષ્મી કહેછે,—હે કેશવ, હમણા તે સ્વર્ગે પુણ્યનું ફળ ભોગવે છે. બે સૈકાં વર્ષ વિત્યા પછી તે એ સ્થળમાં જન્મ પામશે. હે પ્રભો, પછી અહીં આવીને તે તમારો ભક્ત જ્યાં સુધી મંદિર કરાવે, ત્યાં સુધી નંદન જે મંદિર કરે ત્યાં તમારે રહેવું ઘટેછે. સૂત કહેછે,—એ પ્રકારે લક્ષ્મીનું વચન સાંભળીને ભગવાને અનુમોદન કર્યું. પછી લક્ષ્મીએ મંદિર કરાવવાનો ઉપક્રમ કરવા માંડ્યો.

॥इतिश्री डंकपुर माहात्म्ये लक्ष्मनारायण संवादे गु० भा० द्वादशोऽध्यायः ॥ १२ ॥

અધ્યાય ૧૩ મો.

મંદિરમાં ભગવાનને પધરાવવા.

સૂત કહેછે,—સ્તંભતીર્થમાં નંદન નામે ઉદાર બુદ્ધિનો ધર્મનિષ્ઠ અને ધનાઢ્ય વૈશ્ય હતો, તે અનેક પુણ્ય કરતો હતો. એક સમયે તીર્થક્ષેત્રમાં મોટો ધર્મ કરવો એ પ્રમાણે નિશ્ચય કરીને ઘણાક યાત્રા કરનારાઓ સહિત દ્વારકા ક્ષેત્ર પ્રત્યે જવા નીકળ્યો. ત્રીજે દિવસે માર્ગમાં સાબ્રમતી નદીએ પહોચીને તેના ભાઠામાં તે દિવસે સ્થિતિ કરી, ત્યાં સ્નાન કરીને બ્રાહ્મણોને અનેક દાન આપ્યાં તથા બ્રાહ્મણોને ભોજન કરાવીને પછી પોતે ભોજન કરી નિદ્રાયુક્ત થયો. હવે ભગવતી લક્ષ્મી દિવ્ય સ્ત્રીનું રૂપ ધારણ કરીને તેના સ્વપ્નમાં આવીને તેને કહેવા લાગી કે જેને અર્થે તું દ્વારકાં જાયછે, તે શ્રી દ્વારકેશ્વર દેવ તો ગોમતી તથા બીજા અનુચર સહિત ડંકપુરમાં સ્થિતિ કરી રહ્યાછે. તારી ઇષ્ટ દેવતા લક્ષ્મી પણ ત્યાંજ છે, માટે તું ડંકપુર જા; કેમકે સાંપ્રતકાળમાં એ ક્ષેત્ર મોટું છે. વિજયસિંહના ઘરમાં ભગવાન પોતે રહેલા છે, તેમને વસવાને માટે એક સુંદર મંદિર ઉતાવળે કરાવ; અને ત્યાં દેવના દેવ શ્રી ભગવાનને લક્ષ્મી સહિત વિધિપૂર્વક પધરાવ. એમ કરીશ તો તારૂં દ્રવ્ય અને જીવિતનું સાર્થક થશે. આ પ્રકારનો દ્રવ્યનો વ્યય થવો ધનવાન પુરૂષોને લોકોમાં અતિ દુર્લભ છે, માટે મનમાં પ્રસન્ન થઇને ત્યાં જઇ મંદિર કરાવ. અધર્મથી સંચય કરેલું દ્રવ્ય ભગવાન અંગીકાર કરતા નથી, પણ તારૂં ધન તો સ્વધર્મે કરી

પ્રાપ્ત કરેલું છે તે પ્રભુ અંગીકાર કરશે. સૂત કહેછે,—એ પ્રમાણે કહીને દેવી લક્ષ્મી અંતર્ધાન થયાં અને તે પણ તત્કાળ જાગી ઉઠ્યો, તથા એ મહા આશ્ચર્ય જોઇને અત્યંત વિસ્મિત થયો. પોતે લક્ષ્મી ભક્ત હતો તેથી સ્વપ્નમાં જોએલી સ્ત્રીને સાક્ષાત્ મહાલક્ષ્મી માનીને સર્વ વાત તેણે યથાર્થ માની. પછી તે વૈશ્ય શ્રેષ્ટ ત્યાંથી પાછો વળીને હર્ષ સહિત ડંકપુરમાં આવ્યો. અને ત્યાં લક્ષ્મી સહિત શ્રી ભગવાનનાં દર્શન કરીને મનમાં અતિશય પ્રસન્ન થયો. રાત્રિના અવસાન કાળમાં થયેલા સ્વપ્નમાં લક્ષ્મીની પૂર્વની પેઠેજ આજ્ઞા પામીને દ્રઢ ભક્તિ યુક્ત એવા તે વૈશ્યે થોડા દિવસમાં ભગવાનનું મંદિર કરાવ્યું. પછી તેમાં જ્યારે ભગવાનની પ્રતિષ્ટા કરવાનો તેણે આરંભ કર્યો, ત્યારે ભગવાનને તેમાં લેઇ જવાને પોતે શક્તિમાન ન થયો તેમ બીજા બળવાળા પુરૂષોની સહાયથી પણ તે શક્તિમાન નથયો, ત્યારે ચિંતાયુક્ત થઇને તે રાત્રે નિદ્રાસક્ત થયો. સ્વપ્નમાં લક્ષ્મીજીએ તેને ફરી પણ કહ્યુંકે હે નંદન, તું ચિંતા કરીશ નહિ. આ ભગવાનનું સ્થાપન વિજયસિંહ ભક્તે કરેલું છે. ભગવાન તેને આધીન હતા, તે બીજાઓ થકી લેઇ જઇ શકાતા નથી. વિજયસિંહની ભક્તિએ કરી તેનું કુળ નિશ્ચય પવિત્ર થયુંછે. માટે તેના કુળમાં ઉત્પન્ન થયેલો કોઇ આવીને જો હરિનો સ્પર્શ કરે, તો આ મૂર્તિ ત્યાં આવે; માટે તેને બોલાવીને પછી ભગવાનને લેઇ જાઓ. સૂત કહેછે,—નંદન પ્રાતઃકાળમાં ઉઠીને સ્વપ્નનું સ્મરણ કરીને અતિ વિસ્મય પામ્યો, તથા વિજયસિંહના વંશજ દીપસિંહને બોલાવ્યો, તેના કરનો

સ્પર્શ માત્ર થતામાં ભગવાન કૃષ્ણ ત્યાંથી ઉઠયા; પછી તેણે ભગવાનની સ્થાપના કરી, ત્યારે સર્વે વિસ્મયયુક્ત થયા. ભગવાનને પ્રિય એવો નંદન પણ ભગવાનને વિષે ભક્તિ પામ્યો તથા ભગવાનની આજ્ઞા પામીને સ્તંભતીર્થ પ્રત્યે ગયો. ભગવાનનું મહાત્મ જોવા વડે તેની ભક્તિ દૃઢ થઇ, તથા આ લોકમાં સર્વ મનોરથ પામીને અંતે વૈકુંઠ પામ્યો. લક્ષ્મીએ સેવેલા ભગવાન તે મંદિરમાં વશ્યા અને મંદિરમાં શ્રીકૃષ્ણનાં દર્શન કરીને દેવતાઓ સંતુષ્ટ થયા. ડંકેશ્વર તથા મુનિઓમાં સમર્થ ડંક પણ પ્રસન્ન થયા. મનુષ્યોની ભગવાનમાં પ્રીતિ દિવસે દિવસે વૃદ્ધિ પામવા લાગી. શ્રદ્ધા તથા ભક્તિથી યુક્ત થયેલા મનુષ્યો મંદિરમાં રહેલા ભગવાને મહા મોઘા મૂલનાં વસ્ત્ર તથા અલંકાર અર્પણ કરવા લાગ્યા. બ્રાહ્મણોને સેવક કરીને તથા પરસ્પર વ્યવસ્થા કરીને પ્રેમ ભક્તિને અનુસારે આનંદથી હરિને સેવવા લાગ્યા. એ પ્રકારે તે દિવ્ય મંદિરમાં ભગવાન બિરાજતાં છતાં બસેં વર્ષ વહી ગયાં તથા યવનનું રાજ્ય નાશ પામ્યું. પછી દક્ષિણ દેશમાં તામ્ર ગામમાં ગોપાલ નાયક નામે અત્યંત ધાર્મિક તથા ઉત્તમ બ્રાહ્મણ થયો. શ્રી વ્યંકટેશની કૃપા થકી તેની બુદ્ધિ ધર્મમાં થઇ હતી, તથા ન્યાયે કરી પ્રાપ્ત કરેલા દ્રવ્યે કરી દેવાલય આદિક બંધાવતો હતો. પૂર્વે જન્મમાં શ્રીકૃષ્ણ પાસેથી જે તેણે માગ્યું હતું, તેતો તેને વિસ્મૃત થઇ ગયું, પરંતુ તેની કૃપાએ કરી ધર્માત્મા અને શ્રીકૃષ્ણમાં ભક્તિમાન થયો. ધર્મ કરતાં તેણે એક સમયે દ્વારાવતિ જવાની ઇચ્છા કરી. પછી જ્યોતિષ્ય જાણનારા વિદ્વાનોને પૂછીને

રૂડે મુહૂર્તે તે નીકળ્યો. તે સ્થળમાં દાન કરવાને અર્થે પુષ્કળ ધન લેઇને દ્વારકાને માર્ગે જતાં પાંચમો દિવસ પ્રાપ્ત થયો. સ્વપ્નમાં તેને બ્રાહ્મણ રૂપને ધારણ કરતા ભગવાને કહ્યું કે તું દ્વારકા જઇશ નહિ. શ્રીકૃષ્ણ તો ડંક ગ્રામમાં વિરાજેછે. ત્યાં જઇને ભગવાનની પ્રીતિને અર્થે દૃઢ મંદિર કરાવ, તેથી આ લોકમાં સુખ ભોગવીને અંતે પરમ પદ પામીશ. એ પ્રમાણે કહીને બ્રાહ્મણ અંતર્ધાન થયો. પછી પ્રાતઃકાળમાં તે ઉઠ્યો, અને 'સ્વપ્ન શું સાચું હોયછે?, એમ કહીને દ્વારકાને માર્ગે ચાલ્યો. ત્યારે માર્ગમાં બ્રાહ્મણ રૂપે સાક્ષાત હરિ આવીને પુનઃ બોલ્યા કે તારૂં સ્વપ્ન મિથ્યા નથી. ડંક ગ્રામ તું જા; સંશય કરીશ નહિ. એમ કહીને તે બ્રાહ્મણ અંતર્ધાન થયો તથા તે મનમાં વિસ્મય પામ્યો, તથા એમ નિશ્ચય કર્યો કે બ્રાહ્મણ રૂપે સાક્ષાત હરિજ આવ્યા હતા. ભગવાનની બીજી વારની આજ્ઞા પામીને તે ડંક ગ્રામ ગયો તથા ભગવાનના પ્રિયને અર્થે આનંદથી મંદિર કરાવ્યું. દેવની પ્રતિષ્ટા કરતી વખતે પૂર્વના પેઠેજ અદ્ભૂત થયું. તે સમયે વિજયસિંહના વંશના રામસિંહે સ્પર્શ કર્યો, તેજ સમયે ઉપાડી શકાયલા દેવનું મંદિરમાં સ્થાપન કર્યું. એ પ્રમાણે ભગવાને તેનો મનોરથ પૂર્ણ કર્યો, તથા આ લોકનું સુખ ભોગવીને અંતે પરમપદ પામ્યો. જેને શ્રી હરિ પ્રસન્ન થાય તેને દુર્લભ શું હોય? પછી શ્રીકૃષ્ણે લક્ષ્મીજીને કહ્યું કે તારા ભક્તનું બંધાવેલું મંદિર શૂન્ય ન થાય માટે મારી આજ્ઞાથી તું ત્યાં રહે. રાત્રિને વિષે આપણ બેનો મેળાપ નિત્ય પ્રત્યે થશે. એકાદશી ને શુક્રવારે વાહન ઉપર બેઠેલો તથા મનુ-

એ થકી વીંટાયલો બાળ કૃષ્ણ સ્વરૂપી હું દિવસે પણ આ વીશ. એ પ્રમાણે કહેલી લક્ષ્મી તે સમયે પૂર્વ મંદિરમાં રહી. આ સર્વ પાપનું નાશ કરનારી કથાનું જે શ્રવણ કરે અથવા મન સ્થિર રાખીને જે કીર્તન કરે તે શ્રી કૃષ્ણનો પ્રિય થાય.

॥इतिश्री डंकपुर माहात्म्ये मंदिरे भगवत्प्रतिष्ठापनं नाम मु० भा० त्रयोदशोऽध्यायः॥१३॥

અધ્યાય ૧૪ મો.

ભગવાનને પ્રસન્ન કરવાનો ઉપાય.

સૂત. કહેછે,—પછી નુતન મંદિરમાં સ્થાપિત કરેલા અને પોતાની કાંતિ વડેજ અલંકારોને દીપાવતા ભગવાનને ઘણાક દેશાંતરનાં લોક આવીને પરમ ઉત્સવ સહિત નિત્ય પ્રત્યે ભજવા લાગ્યા. પછી સિદ્ધોએ સહિત રૂષિઓ આવીને નિર્મળ ઉપચારે કરી તેમનું પૂજન કરીને અત્યંત ચિંતન કરવા યોગ્ય મૂર્તિ જોઇને તેઓ પૃથક પૃથક સ્તુતિ પાઠ ભણવા લાગ્યા. નવા અંકુરના સરખા કોમળ ચાર હાથે કરી શંખ, ચક્ર, ગદા અને કમળને ધારણ કરનારા તથા કમળ સરખા હાથની આંગળીઓએ કરી રમણિક વેણુ જેણે ધારણ કરી છે એવા ડાકોરનાથને વિષે સદૈવ મારી પ્રીતિ થાઓ. બન્ને કાન ઉપર લટકતાં તથા શોભતાં એવાં મણિ-

मय कुंडळ रूप भुषणे करी शोभायमान छे गंडस्थळ जेमना, अने मोतीनी माळाओ जेमणे ललाटने विषे धारण करीछे एवा श्री डंकनाथने विषे मारी बुद्धि अचळ हो. पोताना जनने भवमांथी तारवानी त्वराने लीधे कटितटमां पीतांबर दृढ बांधीने उभा रहेला, दयायुक्त कटाक्ष करीने रमणिक, तथा शोभायमान मुकुट जेमणे धारण कर्योछे एवा भगवानने विषे मारी बुद्धि विलास पामो. उपर नाखेला वस्त्रना छेडाए करी अति शोभायमान नवा नवा अंगरखानी करचलीओ वडे करी देदीप्यमान तथा स्वात्मानंद रूप मधु जेमां छे एवा श्री डाकोरनाथना चरण कमळमां मारा चित्त रूप भ्रमर विलास पामो. मणिना समुदाये करी युक्त अमूल्य कंठाभरण तथा अनेक मोतीना हारे करी मनोहर छे कंठ जेनो तथा पोताना भक्त जनना हृदयनी आर्द्रता जोइने हास्य करता श्री मुकुंदने विषे मारूं मन रमण करो. द्वारका पुरने तजीने रामदासना प्रिय सुहृत्नी साथे डाकोर नामे गामडामां आवीने तेने ब्रह्मा आदिक देवोए सेववा योग्य एवी राजधानी करनारा सदा-सुख रूप भगवानमां मारी बुद्धि हो. आत्मानंदे करी सुखी, तथा गुणनुं गान करवामां परायण छे एक चित्त जेमनुं एवा, शुक आदिक मुक्त पुरूषोए निरंतर इच्छ्यो छे प्रसाद जेनो एवा, माखणना चोरने विषे मारी प्रीति निश्चळ थाओ. परम आनंदे करी परिपूर्ण छतां पण निर्मळ चित्त वाळा भक्तोए अर्पण करेलुं पत्र सरखुं पण जे हर्षे करी ग्रहण करेछे एवा नवा मेघ समान सुंदर

શ્યામ અંગવાળા ભગવાન પોતાના સમીપમાં અમને વાસ આપો. એ પ્રકારે બ્રાહ્મણો ભગવાનની સ્તુતિ કરીને અને વારંવાર પ્રણામ કરીને ભગવાનના ગુણનું કીર્તન કરતા પોતાને સ્થાને જતા હતા. કલિયુગમાં મનુષ્યોના ઉદ્ધાર કરવાને અર્થે સાક્ષાત શ્રી દ્વારકાનાથ આ સ્થળમાં રહેલા છે એમ નિશ્ચય કરીને પંડિતોએ સદા સેવન કરવું ઘટિત છે. ડંક ગ્રામમાં ભગવાનની સ્થિતિએ કરી તે નિશ્ચય મોક્ષ ગ્રામ થયું છે. તે સ્થળમાં જ્ઞાને જેમણે નિવાસ ર્ક્યો તેમણે પરમપદમાં સ્થિતિ કરીછે એમ જાણવું. આ નરદેહ નાશવંત છે અને તેના અંતમાં યમયાતના ભોગવવાની છે એમ જાણીને સજ્જનોએ દ્વારકાનાથને શરણે જવું ઉચિત છે. ભગવાનના પુરને વિષે કરેલું સ્વલ્પ માત્ર પુણ્ય કે પાપ કોટિ ગણું થાયછે, માટે પાપ કરવું નહિ. દુર નિવાસ કરનારાઓએ પણ વ્યવહાર કૃત્ય ઉતરતું કરીને શ્રી ભગવાનનું દર્શન કરવું; કેમકે તેથી બંધનમાંથી મુક્ત થવાય છે. પ્રાપંચિક સુખ પ્રાણીઓએ ઘણા જન્મમાં ભોગવ્યુંછે, તથા આગળ પણ તે દુર્લભ નથી; પણ શ્રીકૃષ્ણનું દર્શન તો દુર્લભ છે. કાર્તિક તથા આસો માસની પૂર્ણિમાઓને *દિવસે અને વિશેષે કરીને જન્માષ્ટમીને દિવસે સર્વ કાર્યનો ત્યાગ કરીને મુકુટનું દર્શન કરવું. દોલોત્સવ આદિક સર્વે ઉ-

* અહીં અને બીજા સ્થળમાં 'દિવસ' શબ્દનો સામાન્ય અર્થ 'રાત્રિ દિવસ' જ સમજવો. તેમ બીજા સ્થળોમાં 'પુરૂષ' શબ્દ વગેરેથી 'સ્ત્રી પુરૂષ' પણ સમજવાં.

ત્સવને સમયે જે હરિનું દર્શન કરેછે તેમને નિશ્ચય પાર્ષદ જાણવા. દૂર સ્થળના નિવાસ કરનારા પૂર્ણમાસીઓને દિવસે, પર્વને દિવસે, તથા એકાદશીઓને દિવસે જે આવીને શ્રીકૃષ્ણનાં દર્શન કરેછે તેમને પુનર્જન્મ થતો નથી. જે ઉત્તમ પુરૂષો નિત્ય શ્રીકૃષ્ણનું દર્શન કરેછે, તેમણે પોતાનું સર્વ કુળ પવિત્ર કર્યુંછે, તથા તેજ જીવનમુક્ત છે એમ જાણવું. ભગવાન પ્રસન્ન થઇને બીજા અધમ દેવોની પેઠે તુચ્છ એવું લૌકીક સુખ પોતાના ભક્તને આપતા નથી, પણ અક્ષય એવું આત્મસુખ આપેછે. માટે ગ્રામ્ય સુખની તૃષ્ણાનો ત્યાગ કરીને જે મનુષ્ય કેવળ ભગવાનનેજ પ્રસન્ન કરવાને અર્થે શ્રીકૃષ્ણને ભજેછે, તે ભગવાનને અત્યંત પ્રિય છે. ચાતુર્માસમાં તથા વિશેષે કરીને શ્રાવણ માસમાં જે વ્રત ધારણ કરીને ભગવાનનું પૂજન કરેછે, તેમને અનંત પુણ્ય પ્રાપ્ત થાયછે. અશ્વમેધ આદિક યજ્ઞોએ કરી જે પુણ્ય સાધી શકાતું નથી, તે પુણ્ય એકજ વાર શ્રીકૃષ્ણનું પુજન કરવાથી મનુષ્યો પામેછે. જે પુરૂષ આ સ્થળમાં શ્રી મહાભાગવતનું પારાયણ કરે અથવા બ્રાહ્મણદ્વારા પારાયણ કરાવે, તે બન્નેનો જન્મ મરણનો ફેરો ટળી જાય છે. જે મનુષ્ય શ્રીમદ્ ભાગવતનાં સો પારાયણ કરે તે મનુષ્ય દેવોએ પૂજેલો છતાં ભુક્તિ તથા મુક્તિ પામેછે. શ્રીમદ્ ભાગવત જેવું શ્રીકૃષ્ણની પ્રીતિ સંપાદન કરનારૂં છે, તેવું બીજું સાધન નથી; કેમકે તે રસરૂપ છે. ગીતા અથવા વિષ્ણુનાં સહસ્ત્ર નામનો જે મનુષ્ય પાઠ કરેછે અથવા શ્રીકૃષ્ણના મંત્રનો જપ કરેછે, તે સર્વ અભીષ્ટ

પામેછે. તુળસીનાં હજાર પત્ર વડે કરી પત્રે પત્રે ચતુર્થિ વિભક્તિ તથા 'નમઃ' અવ્યયે યુક્ત હરિનું નામ બોલીને શ્રી કૃષ્ણનું અર્ચન કરવું. તુલસી વડે પૂજન કરવાથી મનુષ્ય સર્વ આપદાઓ થકી નિર્મુક્ત થાયછે. સર્વ પત્ર તથા પુષ્પો થકી તુલસી ભગવાનને બહુ પ્રિય છે. વસ્ત્ર, અલંકાર કે પાત્ર જે કાંઇ હરિને અર્પણ કર્યું હોય તે અનંત ફળ આપનારૂં થાયછે એમાં સંશય નથી. મહા નૈવેદ્ય સહિત જે મહા પૂજા કરેછે તેના પુણ્યનું ફળ કહેવાને દેવતાઓ પણ શક્તિમાન નથી. ભગવાનની પ્રીતિ સંપાદન કરવાના હેતુથી જે બ્રાહ્મણોને ભોજન કરાવેછે, તેને કોટિ હોમ આદિકના પુણ્યનું ફળ દુર્લભ નથી. જેજે મનોરથ કરીને ભક્તિ સહિત માધવની સેવના કરી હોય તેતે મનોરથ કૃષ્ણ પૂર્ણ કરેછે એ નિશ્ચય છે. ભગવાનની પ્રીતિને અર્થે મનુષ્યોએ શક્તિ પ્રમાણે કાંઇ પણ સન્માર્ગે ખરચ કરવો ઘટિત છે; કેમકે આ મહા ક્ષેત્ર પુણ્ય કર્મને યોગ્ય છે. એક પૈસાની સાકર તથા માખણ લેઇને દરિદ્ર પણ ભક્તિથી અર્પણ કરે તો તેટલાથી ભગવાન સંતોષ પામેછે. ભગવાનને પ્રસન્ન કરવાને ધનનું કાંઇ પ્રયોજન નથી. ભગવાન માત્ર શુદ્ધ ભાવથી પ્રસન્ન થાયછે, પૂજા વડે નહિ. માટે દરિદ્ર પુરૂષોએ નામ કીર્તન આદિકથી ભક્તિએ કરી ભગવાનનું પૂજન કરવું, એટલા વડેજ તે સર્વ આપશે. ધનવાન અને દરિદ્ર સર્વે જીવો હરિને મન સમાન છે. તેની ભક્તિ જોઇને પરમેશ્વર પ્રસન્ન થાયછે. આ કળિયુગ ઘોર છે, તેમાં પણ કૃષ્ણનું દર્શન અતિશય દુર્લભ માનીને રૂડી બુદ્ધિવાળા પુરૂષે પો-

તાનું કાર્ય સાધવું ઘટેછે. શ્રી પ્રભુ જીવોના અનેક જન્મ અને કર્મ સામું જોતા નથી, પણ પોતાને વિષે ભાવના જોઇને કૃપાએ કરી તેમને તારેછે. એટલા માટે સર્વ યત્ને કરીને જે રીતે શ્રીકૃષ્ણનો આશ્રય થાય, તેવો ઉદ્યોગ કરવો; કેમકે તેથી જન્મનું સાર્થક થાયછે.

॥इतिश्री डंकपुरमा० भगवत्प्रीणनोपायकथनं नाम गु० भा० चतुर्दशोऽध्यायः ॥१४॥

અધ્યાય ૧૫ મો.

તીર્થયાત્રાનું કથન.

સૂત કહેછે,—હે દ્વિજો, જેથી યાત્રા કરનારા મનુષ્યોને અંગે સહિત ફળ પ્રાપ્ત થાય એવા તીર્થ યાત્રા કરનારા પુરૂષોના નિયમો સાંભળો. પારકાનો દ્રોહ કરવો નહિ. અને પુણ્ય ક્ષેત્રમાં તો વિશેષે કરીને ન કરવો. પારકી નિંદા તથા ચોરી યત્ને કરીને વર્જવી. પર સ્ત્રીઓ જે વયે કરી મોટી હોય તેમને માતાની પેઠે, સમાન હોય તેને ભગિની પેઠે, અને નાની હોય તેને પુત્રીની પેઠે જોવી. વ્યભિચારથી સર્વે સુકૃતનો નાશ થાયછે, માટે સ્ત્રી અને પુરૂષોએ પોતાની કામ વાસનાને નિયમમાં રાખવી. તેજ પ્રમાણે ક્રોધ, હિંસા, દંભ, કપટ, મત્સર, અહંકાર, મદ અને લોભ એ પુણ્યનો મૂળ નાશ કરનારાં છે. પતિગ્રહ કરવાથી બ્રાહ્મણોનું બ્રહ્મ-

તેજ નાશ પામેછે, માટે મોટી આપદા વિના તીર્થમાં પ્રતિગ્રહ કરવો નહિ. આપત્તિમાં પણ જેટલા વડે પોતાનો નિર્વાહ થાય તેટલુંજ દાન લેઇને પછી તેનું પ્રાયશ્ચિત્ત કરવું. આપત્તિ વિના પ્રતિગ્રહ કરનારનો નરકમાંથી છૂટકો નથી. મનુષ્યોએ તીર્થમાં ઇંદ્રિયોનું નિયમન કરીનેજ સદા રહેવું. હાથ, પગ અને મન એનું નિયમન કરીને સદૈવ ફરવું. મિથ્યા લવારો, વાદ અને સાહસ એટલાંનો ત્યાગ કરવો. બીજા સ્થળમાં કરેલાં પાપ તો તીર્થમાં નાશ થાયછે, પણ તીર્થમાં કરેલાં પાપોનો ભોગ વિના ક્ષય થતો નથી. ક્ષમા, મૈત્રી, દયા, સત્ય, પવિત્રતા અને અનુદ્ધતપણું, એટલા ગુણોએ યુક્ત જે તીર્થ યાત્રા કરેછે તેનું સર્વે સાર્થક થાયછે. રાત્રિના છેલ્લા પહોરનો અર્ધ ભાગ રહે ત્યારે પ્રયત્ને કરીને નિદ્રાનો ત્યાગ કરવો. અને સૂર્ય ઉદય થતાં પેહેલાંજ દંતધાવન કરવું. પ્રાતઃસ્નાન, નિત્યકર્મ, ભગવાનનું નામ-કીર્તન અને સ્નાન કર્યા પછી દર્શન, એટલાં વાનાં નિત્યપ્રત્યે કરવાં. જે મનુષ્ય ભગવાનની પાંચ આરતીઓનાં નિત્યપ્રત્યે દર્શન કરેછે, તેમની પાંચ પર્વ વાળી + અવિદ્યા નાશ પામેછે, એ નિશ્ચય જાણવું. પુરાણનું શ્રવણ કરવું; ભક્તમંડળમાં સ્થિતિ કરવી; અને ભગવાન મને પ્રસન્ન થાય, એ પ્રકારે સદ' મનુષ્યોએ ચિંતવન કરવું. ડંકગ્રામમાં સરોવર રૂપે જે ગોમતી કહેલી છે, તેમાં સ્નાન કરવાથી માણસો તત્કાળ શુદ્ધ થાયછે. અશક્ત અને રોગીએ ઉષ્ણ જળથી સ્નાન

× અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેષ, એ પંચપર્વા અવિદ્યા જાણવી.

કરવું; બીજાએ દેહની શુદ્ધિને અર્થે ગોમતીના જળમાં સ્નાન કરવું. ત્યાં જે મનુષ્યો નિત્ય સ્નાન કરેછે, તેમના પુણ્યની સંખ્યા નથી; માઘ (માહા) માસમાં સ્નાન કરવાથી મોટાં પાપનો પણ નાશ થાયછે માટે સુખ ઇચ્છનારાઓએ અરૂણોદય સમયે સ્નાન કરવું. તેજ પ્રમાણે કાર્તિક માસમાં જે પુરૂષો ગોમતીમાં સ્નાન કરેછે તેમનાં પાતક તત્કાળ નાશ પામેછે. રવિવારે, વ્યતિપાતમાં, પર્વની તિથીઓમાં, એકાદશિઓને દિવસે, સંક્રાંતિઓમાં, વ્રતના દિવસોમાં, અને ઉત્સવના દિવસોમાં જેઓ ગોમતીના જળમાં સ્નાન કરેછે તેમને પુણ્યશાળી જાણવા, તથા તેમને નિત્ય સ્નાન કર્યાનું ફળ પ્રાપ્ત થાયછે એમાં સંશય નથી. ગોમતીના જળમાં તર્પણ કર્યાથી પિતૃઓને તૃપ્તિ થાયછે, માટે ગોમતીના જળથી પોતાના પિતૃઓનું તર્પણ કરનારાને ધન્ય જાણવા. જે મનુષ્યો ગોમતીના તટમાં પિંડ પ્રદાન કરેછે, તેમના પિતૃઓને તે ગયાશ્રાદ્ધ સમાન તૃપ્તીકારક થાયછે એ નિશ્ચય. ભગવાનના ચરણ સ્પર્શથી ગંગા મહાનદી કહેવાયછે, પણ આમાં તો શ્રીકૃષ્ણ ભગવાન બાર દિવસ પોતે પોતાની ઇચ્છાએ કરી રહેલા છે; માટે એનું સર્વ માહાત્મ્ય કહેવાને કોણ સમર્થ થાય? ગોમતી સર્વત્ર, અને ત્રણ સ્થળમાં વિશેષે કરીને કલ્યાણ કરનારી છે; પ્રથમ ડંકેશ્વર તીર્થમાં, પછી કુશેશ્વરીમાં તથા ત્રીજું રત્નગિરીમાં; એ તીર્થોમાં સ્નાનાદિક દુર્લભ છે. આ સ્થળમાં સ્નાન કરીને જે શ્રીકૃષ્ણનું દર્શન કરેછે, તેમનાથી કાળ અને નરકનો અધિપતિ યમ પણ ભય પામેછે. અધિક માસમાં સ્નાન ક-

રીને જે પોતાના સામર્થ્યને અનુસારે બ્રાહ્મણોને દ્રવ્ય આપેછે, તેનું પુણ્ય અનંત થાયછે, ગોમતી થકી નઋત્ય કોણમાં રત્નગિરી પોતે રહેલો છે અને તપે કરી દ્વારકાનાથને પ્રસન્ન કરવાને ઇચ્છેછે. દેવતાઓ પણ આદર થકી ગોમતીમાં સ્નાન કરવાને આવેછે, માટે મુનિ સત્તમોએ એને સર્વોત્તમ કહીછે. હે મુનિસત્તમો, હું પંચતિર્થિ તમોને કહુંછું તે સાંભળો; જેની યાત્રાથી મનુષ્યોને પુત્ર, દ્રવ્ય અને સુખ આદિક પ્રાપ્ત થાયછે. ડંક ગ્રામથી વાયવ્ય કોણમાં સુરપુર નામે ગામ બે ગાઉ દૂર છે, ત્યાં પુરાતન તીર્થ છે. તે સ્થળમાં સુરેશ્વર નામે રૂષિએ મોટું તપ કરેલું છે તથા 'સુરેશ્વરેશ્વર' નામે મહાદેવનું તેણે ત્યાં સ્થાપન કર્યું છે; તેનાં દર્શન કરવાથી અને પુજવાથી ભય માત્રથી મુક્ત થયાછે, તેજ સ્થળમાં રેણુકા કુંડ છે, પણ તે કળિયુગમાં ગુપ્ત છે. ડંક ગ્રામથી પૂર્વમાં સો ધનુષ્ય દૂર રણમુક્તેશ્વર નામે મહાદેવ છે. તે સ્થળમાં પૂર્વે રક્ષાપુર નામે નગર હતું. નીલકંઠ નામે મુનિએ તે મહાદેવનું સ્થાપન કર્યુંછે; તેની સેવના છ માસ પર્યંત કરવાથી બહુ દ્રવ્ય પ્રાપ્ત થાયછે. તેજ પ્રમાણે વળી પૂર્વમાં અરધો યોજન દૂર મોટું તીર્થ છે; ત્યાં ગાલવમુનિનું સ્થાન તથા ગાલવેશ્વર મહાદેવ છે. તે સ્થળમાં આવેલી ગંગા 'ગાલવી' સંજ્ઞાએ કરી રહેલી છે, તેમાં સ્નાન કરીને જે શંકરનું દર્શન કરે, તેનું દુઃખ નાશ થાયછે. વ્યતિપાત, સંક્રાંતિ, પર્વ તથા ગ્રહણના યોગમાં ગાલવેશ્વરનું દરશન કરવાથી મોટા પાતકનો નાશ થાયછે. એ સ્થળમાં ત્રણ માસ અનુષ્ઠાન કરવાથી વાંછિત ફળ પ્રાપ્ત

થાયછે, તથા દ્રવ્ય, પુત્ર, અને વિદ્યા ગાલવેશ્વર આપેછે. ડંક ગ્રામ થકી અગ્નિ કોણમાં એક યોજન દૂર નૈષધ નામે વન છે, ત્યાં શ્રીમાન્ મારુતિ છે, તે સેવા કરવાથી સંકટ હરે એવા છે. તે મારુતિનું માહાત્મ્ય કુમારીકા ખંડમાં કહ્યુંછે; તેનું પૂજન કરવાથી શનૈશ્ચરે કરેલી પીડા નાશ પામેછે. વળી પશ્ચિમ દિશાના ભાગમાં યોજન ઉપર ખલદ નામે નગર છે, ત્યાં લોકનું કલ્યાણ કરનાર નીલકંઠ નામે શંકર છે. તે સ્થળમાં જે અઢી માસ પર્યંત અનુષ્ઠાન કરે છે, તેમને નીલકંઠની કૃપાથી વાંછિત ફળ પ્રાપ્ત થાયછે. પૂર્વે તેજપાલ અને રાજપાલ નામે બે વૈશ્યે ગાલવના ઉપદેશથી તેની આરાધના કરી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. એ પ્રકારે કામના વાળાઓને અભીષ્ટ ફળ આપનારી પંચતીર્થિ કહી; જે તેનું શ્રવણ કરે કે જે શ્રવણ કરાવે તે તે યાત્રાનું ફળ પામે.

॥इतिश्री डंकपुरमा० तीर्थयात्रा कथनं नाम गु० भा० पंचदशोऽध्यायः ॥ १५ ॥

અધ્યાય ૧૬ મો.

ગાલવી ગંગાની કથા તથા અનુક્રમણિકા.

ઋષિઓ કહેછે,—ગાલવ મુનિના આશ્રમમાં ભાગીરથી શામાટે આવી તથા પૃથ્વી ઉપર 'ગાલવી ગંગા' એરીતે કેમ

પ્રસિદ્ધ થઈ? સૂત કહેછે,—વિશ્વામિત્રના પુત્ર, મુનિઓમાં ઉત્તમ, બુદ્ધિમાન્, ગાલવ મુનિએ મહીનદીના કાંઠા પર તપ કરીને સદાશિવને પ્રસન્ન કર્યા. તેના ઉગ્ર તપે કરીને સો વર્ષે શંકર પ્રસન્ન થયા તથા પ્રત્યક્ષ દર્શન આપીને શિવ બોલ્યા કે હે મહામુનિ, વરદાન માગ. ગાલવ કહે છે,—હે દેવેશ, જો પ્રસન્ન થયા હો તો મારી ક્ષુધા નાશ કરો; કેમકે નિત્ય ક્ષુધાથી પીડાયલે મેં તમારી ભક્તિ થતી નથી. શિવ કહે-છે,—તારે વર્ષમાં બે વાર ક્ષુધાનું શમન કરવું; છ માસ વિતે ત્યારે એક મહાન હસ્તિનું ભક્ષણ કરવું. પછી છ માસ પર્યંત ક્ષુધા તને પીડશે નહિ. ક્ષુધાનું શમન કરવાના હેતુ-થી એ પ્રકારે તારે કરવું. હસ્તિનું ભક્ષણ કરીને પછી તે હસ્તિના રક્તના બિંદુના જળ વડે તારે પ્રોક્ષણ કરવું, તેથી તે હસ્તિ સજીવન થશે. એમ કહીને શ્રી શંકર અંતર્ધાન થયા. ગાલવ મુનિએ મહી નદીના તટ ઉપર ગાલવેશ્વર નામે મહાદેવનું સ્થાપન કર્યું. સર્વ પાપને નાશ કરનારૂં ગા-લવેશ્વર મહાદેવનું માહાત્મ્ય કુમારીકા ખંડને વિષે વ્યા-સ મહા મુનિએ બહુ કરીને વર્ણવ્યું છે. ગાલવ મુનિ તે સ્થળમાં કુંતલ નામે નગરમાં રહ્યા તથા આશ્રમમાં રહી શિવને ભજવા લાગ્યા અને તેમના કહ્યા પ્રમાણે આચર-વા લાગ્યા. એક સમયે તીર્થ યાત્રાના પ્રસંગથી ગૌતમ આદિક મહર્ષિઓ અતિ પ્રતાપયુક્ત ગાલવમુનિના આશ્ર-મમાં આવ્યા તેમનું આતિથ્ય કરવાને પોતાના તપના બળે કરી પકવાન્ન પ્રકટ કરીને તેમને કહ્યું કે ભોજન કરો. પછી તે ઉત્તમ બ્રાહ્મણોએ, હાથીનું ભક્ષણ કરનાર ગાલવનું

અન્ન અભક્ષ્ય છે એમ મનમાં નિશ્ચય કરીને એક બીજાને પૂછીને તેને કહેવા લાગ્યા કે અમારૂં પૂજાનું સાહિત્ય તથા આસન આદિક અમે કાશીમાં ભૂલી આવ્યા છીએ તે દિવસથી સર્વે ભોજન કરતા નથી. સૂત કહેછે,—તેમનું વચન સાંભળીને મહા મુનિ ગાલવે પણ તપ તથા યોગના બળથી તેમનો અભિપ્રાય જાણ્યો. પછી દર્ભની સેર તેણે કાશી ભણી ફેંકી તે તેમનાં આસન આદિક લેઇને ગંગામાં પડી, ગાલવ મહામુનિનું તપ તથા યોગના સામર્થનું હૃદયમાં ચીંતવન કરીને ગંગા તે સર્વ લેઇને ગાલવની સમીપે આવી. ત્યાં આવીને પછી ગાલવની આજ્ઞાથી ગંગા પોતે પ્રવાહ રૂપ ધરનારી થઇને મહી નદી સાથે એકત્ર થઇ. પછી ગાલવ પેલા રૂષિઓને કહેછે કે તમારૂં સાહિત્ય લ્યો, ત્યારે તેઓએ વિસ્મય પામીને પોતાનાં આસન આદિક ગ્રહણ કર્યાં. પછી ગંગામાં સ્નાન કરીને ગાલવના આશ્રમમાં તેમણે ભોજન કર્યું. ગાલવમુનિએ તે અન્ન જીવ સ્વરૂપે દેખાડયું. ગાલવ કહેછે,—છ માસ વિતે ત્યારે હું તો એક હસ્તિનું ભક્ષ્ય કરૂંછું, પણ તમો નિત્યપ્રત્યે કેટલા જીવોનું ભોજન કરોછો તેની સંખ્યા કહો? સૂત કહેછે,—તેનું વાક્ય સાંભળીને રૂષિઓએ પાત્રોમાં અન્ન જોયું તથા તે સર્વ જીવમય જોઇને એક બીજાના સામું જોવા લાગ્યા. ત્યારે તેમને ગાલવે કહ્યું કે જીવજીવનું જીવન છે; ઇશ્વરની આજ્ઞા મનુષ્યોએ પાળવી કેમકે શુભ અને અશુભ તેના સ્વાધીનમાં છે. હું ક્ષુધા દેવીને ગજ અર્પણ કરૂંછું તથા તેને જીવતો કરૂંછું; એમાં સંશય કરવો નહિ, સર્વે

ઇશ્વરનું ચેષ્ટિત છે. સૂત કહેછે,—પછી અન્ન પૂર્વે હતું તેવું થયું અને મુનિઓએ તેનું ભોજન કર્યું. પછી અત્યંત વિસ્મય પામીને તેને પુનઃ પુનઃ પ્રણામ કરીને રૂષિઓ ગયા. ગાલવ મુનિએ ગંગા આણી માટે ગાલવી એ પ્રકારે પ્રસિદ્ધ થઇછે; તથા તેણેજ પ્રાર્થના કરવા ઉપરથી તે સ્થળમાં લોકના હિતને અર્થે તે રહેલી છે. હે દ્વિજો, એ પ્રકારે સંક્ષેપે કરી પંચતીર્થી મેં કહીછે; તેજ પ્રમાણે શ્રી દ્વારકાધીશનું ચરિત પણ જાણવા પ્રમાણે કહ્યું છે. જે મનુષ્ય ભક્તિએ કરી એનું શ્રવણ કરે અથવા કીર્તન કરે, તેના પાપનો નાશ થાય તથા શ્રીકૃષ્ણમાં ભક્તિ ઉપજે. આ કૃષ્ણનું ચરિત સર્વ મંગળની વૃદ્ધિ કરનારૂં, અમંગળને હરનારૂં, શ્રીકૃષ્ણને પ્રીતિ ઉત્પન્ન કરનારૂં તથા ઉત્કૃષ્ટ છે. વ્રત તથા ઉપવાસને દિવસે તથા મહોત્સવને દિવસે સર્વ દુઃખનું નાશ કરનારૂં શ્રીકૃષ્ણનુંચરિત સાંભળવું. દૂર રહેલો મનુષ્ય પણ શ્રીકૃષ્ણનું ઉત્તમ ચરિત્ર સાંભળીને શ્રી ભગવાનની કૃપાથી યાત્રાનું ફળ પામેછે. આશ્વિન, કાર્તિક, ફાલ્ગુન, શ્રાવણ કે અધિક માસમાં સાંભળીને સર્વ પાપ થકી મુક્ત થાયછે. આ શ્રીકૃષ્ણનું ચરિત્ર સંક્ષેપે કરી મેં વર્ણન કર્યુંછે. તેને વિસ્તારથી વર્ણવાને ચતુર્મુખ બ્રહ્મા પણ સમર્થ નથી. એમાં પથમ કલ્યાણકારી અને ઉત્તમ એવું ડંક રૂષિનું તપ, ડંકેશ્વરનું માહાત્મ્ય અને કૃષ્ણ તથા ભીમનો તેમની સાથે સમાગમ થયો તે કહ્યોછે. પછી વિજયસિંહનું શુભ ચરિત, તેનું દ્વારકા પ્રત્યે ગમન, તથા ભગવાનને પ્રસન્ન કરવા એ કહ્યુંછે. પછી શંકટ આણવું, બે બળદના પૂર્વ જન્મની કથા,

તથા ભગવાનને ડંક ગ્રામમાં આણ્યા તે કથા કહી છે. તે પછી આવળના વૃક્ષનો મોક્ષ, ભગવાની શોધ, શ્રીકૃષ્ણનું ગોમતીમાં જવું, ભક્તને વૈકુંઠમાં મોકલવો, દ્વારકા વાસીનો ડંક ગ્રામના લોક સાથે કલહ, સર્વત્ર ભગવાનની શોધ, દ્વારકા વાસીઓના ઉપવાસ, ગંગા તથા ગોવિંદનું સંભાષણ, બ્રાહ્મણોની પરીક્ષા, કૃષ્ણનું જળથી બાહાર નીકળવું, બ્રાહ્મણોનો મનભંગ તથા ભગવાન થકી તેમને વરદાન પ્રાપ્તિ કહીછે. પછી વિજયસિંહના પૂર્વ જન્મની રૂડી કથા, લક્ષ્મી અને ગોવિંદનો સંવાદ, મંદિરનું નિર્માણ, ભગવાનને પ્રસન્ન કરવાના ઉપાય, ગોમતીનો મહિમા, યાત્રાનો વિધિ, પંચતીર્થીનું કથન અને ગાલવેશ્વરની રૂડી કથા, એ પ્રમાણે હે વિપ્રો ભગવાનનું ભાવિકાળમાં થવાનું ચરિત મેં તમને કહ્યું. કૃષ્ણ ભક્તિમાં પરાયણ મનુષ્યોએ તે સાંભળવું તથા તેની કથા કરવી. આ પવિત્ર એવા ભગવાનના ચરિત્રનું જે પુરૂષ વૈષ્ણવની આગળ અથવા ભગવાનના મંદિરમાં, શ્રી હરિની ભક્તિ યુક્ત થઇને રૂડે પ્રકારે કીર્તન કરશે તે પાપ થકી મુક્ત અને સુખી થશે. વિજયસિંહ નામે ભક્તને જેણે પૂર્ણ મનોરથ કર્યો (અર્થાત્ તેના મનોરથ જેણે પૂર્ણ કર્યા) તે શ્રી કૃષ્ણ ભગવાનને વારંવાર નમસ્કાર છે.

॥इतिश्री डंकपुर माहात्म्ये सूतशौनक संवादे अनुक्रमणिका कथनं नाम गु० भा० षोडशोऽध्यायः ॥ १६ ॥

સમાપ્ત.

सर्खेजाख्यपुरेवसन् गुणयुतोडाकोरलक्ष्मीपतेः
सद्भक्तोनृपलोकमानसहितःसभ्यःसभाशोभनः।
श्रीमद्दोलतरामनामविदितस्तत्पुत्रकस्तद्गुणै—
स्तुल्यश्चास्तिकृपेवपुंसिविलसन्नाम्नाकृपाशंकरः॥१॥
तेनप्रेरितएवनिर्भयसुतो भाषान्तरंयन्नत—
१छोटालालइतिजनैर्निगदितोग्रंथस्यमीयाकरोत् ॥
तत्रश्चेत्स्खलनंप्रमादवशतोग्रंथेभवेत्कुत्रचित्
क्षन्तव्यंविबुधैरुदारचरितैःसौजन्यलक्ष्मांकितैः॥ २॥